# કલાપૂર્ણ સ્વાધ્યાય

૧૮



# શ્રી આનંદઘન ચોવિસી

## અર્થ સહિત

સંપાદક :
પૂ. મુનિશ્રી અમિતયશવિજયજી મ.સા.



પ.પૂ.આ.ભ.શ્રી કલાપૂર્ણ સૂ.મ.સા.ના અંતિમ દર્શન તેમજ ચરણમાં નમન કરતા
શિષ્ય મુનિ અમિતયશ વિ.મ. કેશવણા રાજ. ૨૦૫૮ મહાસુદ-૪

શ્રી સંભવનાથાય નમઃ

અનંત લબ્ધિનિધાન શ્રી ગૌતમ સ્વામીને નમઃ

શ્રી પદ્મ જીત હીર કનક દેવેન્દ્ર કંચન

કલાપૂર્ણસૂરિ સદ્‌ગુરૂભ્યો નમઃ

# કલાપૂર્ણ સ્વાધ્યાય

(૧૮)

## આનંદઘન ચોવીસી

## અર્થ સહિત

*દિવ્યાશિષ દાતા*

પ. પૂ. આ. ભ. ગુરૂદેવ શ્રી કલાપૂર્ણ સૂ. મ. સા.

*શુભાશિષદાતા*

પ. પૂ. આ. ભ. શ્રી. કલાપ્રભ સૂ. મ.

*સા. સંપાદક*

મુનિ અમિતયશ વિ.

# આ પુસ્તકમાં લાભ લેનાર મુખ્ય દાતા



## સ્વ. જીતુબેન બાબુલાલ ગાંધી

સ્વ. : તા. ૨૨-૧૧-૧૯૯૭ ભીમાસર-કચ્છ

આપનો ઉપકાર અમો ક્યારેય ભૂલશું નહિં. નાનપણાથી જ અમારા જીવનમાં ધર્મના સંસ્કારો આપ્યા. તેમજ ધર્મમય જીવન જીવવાની પ્રેરણા આપના તરફથી સતત મળતી રહી જેથી દેવ, ગુરૂ અને ધર્મ પ્રત્યે અમારો ભક્તિભાવ સતત વધતો રહે એજ શુભાભિલાષા.

: સુપુત્રો :

વિનોદભાઈ, કીર્તિભાઈ, દિનેશભાઈ

આવૃતિ પ્રથમ : આનંદઘન ચોવીસી

સહાયક : સેવાભાવી તપસ્વી મુનિ આગમયશ વિ.

નકલ : ૧૦૦૦ મૂલ્ય રૂા. : ૧૨/-

★ પ્રકાશન ★

શ્રી કલાપૂર્ણ જૈન આરાધક મંડળ - મદ્રાસ

શ્રી શંખેશ્વર કલા જૈન ભક્તિ મંડળ - શંખેશ્વર

# પ્રસ્તાવના

પરમ પુન્યોદયે મળેલા માનવજીવનને સફળ બનાવવા માટે આપણા જીવનમાં પ્રભુ ભક્તિ ખૂબજ જરૂરી છે. જે આત્મા ભક્તિ કરે છેતે આત્મા ભવસાગર તરી શકે છે. મોટા મોટા મહાપુરૂષો પણ પ્રભુ ભક્તિમાં તરબોળ બની જતા હતા. આપણે બધાએ પણ દર ચાર્તુમાસમાં સમુહ ભક્તિનું આયોજન ગોઠવવું જોઈએ. એકવાર પ્રભુ ભક્તિનો રંગ લાગ્યા પછી જીવનમાં અનેરો લાભ મળે છે. અમારા ગુરૂદેવ પૂ. કલાપૂર્ણ સૂ. મ. સા. પણ પ્રભુ ભક્તિમાં એકતાન થઈ જતાં હતા અને ત્રણ ચોવીસીના સ્તવનોને રોજ યાદ કરતા હતા માટે આ પુસ્તકનું નામ કલાપૂર્ણ સ્વાધ્યાય રાખવામાં આવ્યું છે. જ્ઞાન ભક્તિમાં લાભ લેનાર ભાગ્યશાળીઓની ભૂરિ-ભૂરિ અનુમોદના પ્રમાદિ દોષ સુધારીને વાંચવા વિનંતિ

પૂ. કનક સૂ. મ. સા. ની સ્વર્ગતિથી ચરણ કિંકર

મુનિ અમિતયશ વિ.

# જ્ઞાનનાં ખમાસમણના પાંચ દુહા

મતિ સમકિત શ્રદ્ધાવંતને, ઉપન્યો જ્ઞાન પ્રકાશ
જ્ઞાનનો દુહો પ્રણમું પદકજ તેહના, ભાવ ધરી ઉલ્લાસ

શ્રુત પવયણ શ્રુત સિદ્ધાંત તે આગમ સમય વખાણ,
જ્ઞાનનો દુહો પૂજો બહુવિધ રાગથી, ચરણ કમલ ચિત્ત આણ

અવધિ ઉપન્યો અવધિજ્ઞાનનો, ગુણ જેહને અવિકાર,
જ્ઞાનનો દુહો વંદના તેહને માહરી, શ્વાસ માહે સો વાર

મનઃપર્યાય એ ગુણ જેહને ઉપન્યો, સર્વ વિરતિ ગુણઠાણ,
જ્ઞાનનો દુહો પ્રણમું હિતથી તેહના, ચરણ કમલ ચિત્ત આણ,

કેવલ કેવળ દંસણ નાણનો, ચિદાનંદ ઘન તેજ,
જ્ઞાનનો દુહો જ્ઞાન પંચમી દિન પૂજીએ, વિજયલક્ષ્મી શુભ તેજ

## ભાવવાહી સ્તુતિ

દર્શનં દેવદેવસ્ય, દર્શનં પાપ-નાશનમ્
દર્શનં સ્વર્ગસોપાનં, દર્શનં મોક્ષ-સાધનમ્. ...૧

હે પ્રભુ આનંદ દાતા, જ્ઞાન હમકો દીજિયે,
શીઘ્ર સારે અવગુણોકો, દૂર હમસે કીજીયે,
લીજીયે હમકો શરણમેં, હમ સદાચારી બને,
બ્રહ્મચારી ધર્મ રક્ષક, વીર વ્રતધારી બને....૨

સાગર દયાના છો તમે,
કરૂણા તણા ભંડાર છો,
ને પતિતોને તારનારા,
વિશ્વના આધાર છો:
તારે ભરોસે જીવનનૈયા, આજ મેં તરતી મૂકી,
કોટી કોટી વંદન કરૂં,
જિનરાજ તુજ ચરણે ઝુકી. ....૩

# ચૈત્યવંદન વિધિ

## ખમાસમણ સૂત્ર

ઈચ્છામિ ખમાસમણો વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ મત્થએણ વંદામિ.

## ઈરિયાવહીયં સૂત્ર

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ઈરીયાવહીયં પડિક્કમામિ ? ઈચ્છં, ઈચ્છામિ પડિક્કમિઉં. ઇરિયાવહિયાએ વિરાહણાએ, ગમણા ગમણે, પાણક્કમણે, બીયક્કમણે, હરિયક્કમણે, ઓસાઉતિંગ, પણગદગ, મટીમક્કડા, સંતાણા, સંકમણે, જેમે જીવા વિરાહિયા, એગિંદિયા, બેઇંદિયા, તેઇંદિયા, ચઉરિંદિયા, પંચિંદિયા, અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઈયા, સંઘટ્ટિયા, પરિયાવિયા, કિલામિયા, ઉદ્દવિયા ઠાણાઓ ઠાણં સંકામિયા, જીવિયાઓ વવરોવિયા, તસ્સ મિચ્છામિ દુક્કડં.

# તસ્સ ઉત્તરી કરણેણં સૂત્ર

તસ્સ ઉત્તરી કરણેણં પાયચ્છિત કરણેણં વિસોહીકરણેણં, વિસલ્લી કરણેણં, પાવાણં કમ્માણં નિગ્ઘાયણટ્ઠાએ ઠામિ કાઉસ્સગ્ગં.

# અન્નત્થ સૂત્ર

અન્નથ ઉસ્સસિએણં, નીસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલિએ પિત્તમુચ્છાએ; સુહુમેહિં અંગ સંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં; એવ માહિએહિં આગારેહિં અભગ્ગો અવિરાહિઓ હુજ્જમે કાઉસ્સગ્ગો; જાવ અરિહંતાણં ભગવંતાણં નમુક્કારેણં ન પારેમિ; તાવ કાયં ઠાણેણં મોણેણં ઝાણેણં અપ્પાણં વોસિરામિ.

(અહિંયા એક લોગસ્સ અથવા ચાર નવકારનો કાઉસ્સગ કરવો. **નમો અરિહંતાણં** બોલીને કાઉસ્સગ પારવો. પછી પ્રગટ **લોગસ્સ** બોલવો.)

# લોગસ્સ સૂત્ર

લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે, અરિહંતે કિત્તઈસં, ચઉવીસં પિ કેવલી ૧. ઉસભમજિઅંચ વંદે, સંભવમભિણંદણં ચ સુમઈચ, પઉમપ્પહં સુપાસં, જિણં ચ ચંદપ્પહં વંદે ૨. સુવિહિં ચ પુફદંતં, સીઅલ સિજ્જંસં વાસુપૂજ્જં ચ, વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિં ચ વંદામિ ૩. કુંથું અરંચ મલ્લિં વંદે, મુણિસુવ્વયં નમિજિણં ચ, વંદામિ રિટ્ઠનેમિ, પાસં તહ વદ્ધમાણં ચ ૪. એવં મએ અભિથુઆ, વિહુયરયમલા પહીણજરમરણા, ચઉવીસં પિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ ૫. કિત્તિય વંદિય મહિયા, જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા, આરુગ્ગ બોહિલાભં, સમાહિવર મુત્તમં દિંતુ ૬. ચંદેસુ નિમ્મલયરા, આઈચ્ચેસુ અહિયં પયાસયરા, સાગરવરગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ ૭.

**ભાવાર્થ** : આ સૂત્રમાં ચોવીસ તીર્થંકરોની નામપૂર્વક સ્તુતિ કરવામાં આવી છે. (ત્યાર બાદ

૩ ખમાસમણા દઇને બેસીને ડાબો ઘુંટણ ઉંચો કરીને ચૈત્યવંદન કરવું.
ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ !
ચૈત્યવંદન કરું ? ઇચ્છં,
સકલ કુશલવલ્લી-પુષ્પકરાવર્ત મેઘો,
દુરિત તિમિર ભાનુઃ કલ્પ વૃક્ષોપમાનઃ
ભવજલનિધિપોતઃ સર્વસંપત્તિ હેતુઃ
સ ભવતુ સતતં વઃ શ્રેયસે શાંતિનાથઃ શ્રેયસે પાર્શ્વનાથઃ

## શ્રી સામાન્ય જિન ચૈત્યવંદન

તુજ મુરતિને નિરખવા, મુજ નયણાં તરસે,
તુજ ગુણગણને બોલવા, રસના મુજ હરસે ૧
કાયા અતિ આનંદ મુજ, તુમ યુગ પદ ફરસે,
તો સેવક તાર્યા વિના, કહો કિમ હવે સરસે ૨
એમ જાણીને સાહિબા એ, નેહ નજર મોહે જોય,
જ્ઞાન વિમલ પ્રભુ સુનજરથી, તે શું જે નવિ હોય. ૩

## જંકિંચિ સૂત્ર

જંકિંચિ નામ તિત્થં, સગ્ગે પાયાલિ માણુસ્સે લોએ,
જાઈ જિણ-બિંબાઈ, તાઈ સવ્વાઈ વંદામિ

**ભાવાર્થ:** આ સૂત્ર દ્વારા ત્રણ લોકમાં વિદ્યમાન નામ રૂપી તીર્થો અને જિન પ્રતિમાઓને નમસ્કાર કરવામાં આવેલ છે.

## નમુત્થુણં સૂત્ર

નમુત્થુણં અરિહંતાણં, ભગવંતાણં, આઈગરાણં, તિત્થયરાણં, સયંસંબુદ્ધાણં, પુરિસુત્તમાણં, પુરિસસીહાણં, પુરિસવર-પુંડરીયાણં, પુરિસવરગંધહત્થીણં, લોગુત્તમાણં, લોગનાહાણં, લોગહિઆણં, લોગપઈવાણં, લોગપજ્જોગરાણં, અભયદયાણં, ચક્ખુદયાણં, મગ્ગદયાણં, સરણદયાણં, બોહિદયાણં, ધમ્મદયાણં, ધમ્મદેસયાણં, ધમ્મનાયગાણં, ધમ્મસારહીણં,

ધમ્મવરચાઉરંતચક્કવટ્ટીણં, અપ્પડિહય-વરનાણ, દંસણધરાણં, વિયટ્ટછઉમાણં, જિણાણંજાવયાણં, તિન્નાણંતારયાણં, બુદ્ધાણં બોહયાણં, મુત્તાણંમોઅગાણં, સવ્વન્નૂણં સવ્વદરિસીણં શિવમયલ-મરુઅ-મણંત-મક્ખય-મવ્વાબાહ-મપુણરાવિત્તિસિદ્ધિ ગઈ નામધેયં ઠાણં સંપત્તાણં, નમો જિણાણં જિઅ ભયાણં, જે અ અઈયાસિદ્ધા, જે અ ભવિસ્સંતિ ણાગયે કાલે, સંપઈ અ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ. ૧૦.

ભાવાર્થ : આ સૂત્રમાં અરિહંત પરમાત્માના ગુણોનું વર્ણન છે. અને ઈન્દ્ર મહારાજ પ્રભુની સ્તુતિ કરતી વખતે આ સૂત્ર બોલે છે.

## જાવંતિ ચેઈઆઈ સૂત્ર

(બે હાથ ઉચા કરીને બોલવું. બહેનોએ હાથ ઊંચા કરવા નહી.)

જાવંતિ ચેઈ આઈ; ઉડ્ઢે અ અહે અ તિરિઅ લોએ અ, સવ્વાઈ તાઈ વંદે, ઈહ સંતો તત્થ સંતાઈ.

**ભાવાર્થ :** આ સૂત્ર દ્વારા ત્રણે લોકમાં રહેલી જિન પ્રતિમાજીઓને નમસ્કાર કરવામાં આવે છે.

## ઈચ્છામિ ખમાસમણો સૂત્ર

ઈચ્છામિ ખમાસમણો વંદિઉં જાવણિજ્જાએ નિસિહિઆએ મત્થએણ વંદામિ.

## જાવંત કેવિ સાહૂ સૂત્ર

જાવંત કેવિ સાહૂ, ભરહેરવયમહાવિદેહે અ; સવ્વેસિં તેસિં પણઓ, તિવિહેણ તિદંડ વિરયાણં.

**ભાવાર્થ :** આ સૂત્રમાં ભરત, ઐરાવત અને મહાવિદેહ ત્રણેય ક્ષેત્રમાં વિચરતાં સર્વે સાધુ સાધ્વીજી ભગવંતોને નમસ્કાર કરવામાં આવે છે.

(નીચેનું સૂત્ર ફકત પુરુષોએ બોલવું.)

**નમોઽર્હત્સિદ્ધાચાર્યો પાધ્યાયસર્વસાધુભ્યઃ**

**ભાવાર્થ** : આ સૂત્રમાં પંચપરમેષ્ઠિ ભગવંતોને નમસ્કાર કરવામાં આવ્યો છે.

(આ પછી આ પુસ્તકમાંથી સુંદર અને ભાવવાહી સ્તવનોના સંગ્રહમાંથી કોઈપણ એક સ્તવન ગાવું.)

## ઉવસગ્ગહરં સ્તવન

ઉવસગ્ગહરં પાસં, પાસં, વંદામિ કમ્મઘણમુક્કં,
વિસહર-વિસ નિન્નાસં, મંગલ કલ્લાણ આવાસં ॥૧॥

વિસહર-ફુલિંગમંતં, કંઠે ધારેઈ જો સયા મણુઓ
તસ્સગહ-રોગ-મારિ-દુટ્ઠ જરા જંતિ ઉવસામં ॥૨॥

ચિટ્ઠઉ દૂરે મંતો, દુજ્ઝ પણામો વિ બહુફલો હોઈ
નરતિરિએસુ વિ જીવા, પાવંતિ ન દુક્ખ-દોગચ્ચં ॥૩॥

તુહ સમ્મત્તે લદ્ધે, ચિંતામણિ-કપ્પપાયવ-બ્ભહિએ
પાવંતિ અવિગ્ઘેણં, જીવા અયરામરં ઠાણં ॥૪॥

ઈઅ સંથુઓ મહાયસ! ભત્તિબ્ભર નિબ્ભરેણ હિઅએણ
તા દેવ! દિજ્જ બોહિં, ભવે ભવે પાસ જિણ ચંદ ।।૫।।
(બે હાથ ઊંચા કરીને બોલવું / બહેનોએ હાથ ઊંચા કરવા નહીં)

## જયવીયરાય સૂત્ર

જયવીયરાય ! જગગુરુ ! હોઈ મમં તુહ પભાવઓ
ભયવં, ભવ નિવ્વેઓ મગ્ગાણુસારિયા ઈઠ્ઠ ફલ સિદ્ધિ ।।૧।।
લોગ-વિરુદ્ધચ્ચાઓ, ગુરુ જણપૂઆ પરત્થકરણં ચ
સુહ ગુરુ જોગો તવ્વયણ સેવણા આભવમખંડા ।।૨।।

(બે હાથ નીચે કરીને)

વારિજ્જઈ જઈ વિ, નિયાણબંધણં વીયરાય તુહ
સમએ તહ વિ મમ હુજ્જ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાણં।।૩।।
દુક્ખક્ખઓ કમ્મક્ખઓ, સમાહિમરણં ચ બોહિલાભો અ
સંપજ્જઉ મહ એહં તુહ નાહ પણામ કરણેણં ।।૪।।

સર્વ મંગલ માંગલ્ય, સર્વ કલ્યાણ કારણમ્
પ્રધાનં સર્વ ધર્માણાં, જૈનં જયતિ શાસનમ્ ।।૫।।
ભાવાર્થ : આ સૂત્રમાં પ્રભુ પાસે ઉત્તમ પ્રકારની પ્રાર્થના કરવામાં આવી છે. (પછી ઊભા થઈને)

## અરિહંત ચેઈયાણં સૂત્ર

અરિહંત ચેઈયાણં કરેમિ કાઉસ્સગ્ગં ૧.
વંદણવત્તિઆએ પૂઅણવત્તિયાએ
સક્કારવત્તિયાએ સમ્માણવત્તિયાએ
બોહિલાભવત્તિયાએ નિરુવસગ્ગવત્તિયાએ ! ૨.
સદ્ધાએ મેહાએ ધિઈએ ધારણાએ અણુપ્પેહાએ
વઢ્ઢમાણિએ ઠામિ કાઉસ્સગ્ગં. ૩.

ભાવાર્થ : આ સૂત્રમાં જ્યાં ચૈત્યવંદન કરતા હોઈએ તે દેરાસરની તમામ પ્રતિમાઓને વંદન કરવામાં આવે છે.

★ ★ ★

# અન્નત્થ સૂત્ર

અન્નથ ઉસ્સસિએણં, નીસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલિએ પિત્તમુચ્છાએ; સુહુમેહિં અંગ સંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં; એવ માહિએહિં આગારેહિં અભગ્ગો અવિરાહિઓ હુજ્જમે કાઉસ્સગ્ગો; જાવ અરિહંતાણં ભગવંતાણં નમુક્કારેણં ન પારેમિ; તાવ કાયં ઠાણેણં મોણેણં ઝાણેણં અપ્પાણં વોસિરામિ.

(એક નવકારનો કાઉસગ્ગ કરવો. કાઉસ્સગ્ગ પારીને નમોઽહત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વ સાધુભ્યઃ કહી થોય કહેવી)

પ્રહ ઉઠી વંદુ, ઋષભદેવ ગુણવંત,
પ્રભુ બેઠા સોહે, સમવસરણ ભગવંત,
ત્રણ છત્ર બિરાજે, ચામર ઢાળે ઈન્દ્ર,
જિનના ગુણ ગાવે, સુરનર નારીના વૃંદ.

અને .... છેલ્લે....

**ભાવપૂજાની પૂર્ણાહુતિ કરતાં.....કરતાં....**

**નીચેની ભાવવાહી સુંદર ભાવના ભાવવી.....**

[ આવ્યો શરણે તમારા જિનવર! કરજો, આશા પૂરી અમારી, નાવ્યો ભવપાર મ્હારો તુમ વિણ જગમાં, સાર લે કોણ મારી ગાયો જિનરાજ! આજે હરખ અધિકથી, પરમ આનંદકારી, પાયો તુમ દર્શનાસે ભવભય ભ્રમણા, નાથ ! સર્વે અમારી.

[ ભવોભવ તુમ ચરણોની સેવા, હું તો માંગુ છું દેવાધિદેવા, સામું જુઓને સેવક જાણી, એવી ઉદયરત્નની વાણી.

[ જિર્ને ભક્તિ જિર્ને ભક્તિ, જિર્ને ભક્તિ દિને દિને સદાઃ મેડસ્તુ સદા મેડસ્તુ, સદા મેડસ્તુ ભવેભવે.

[ અન્યથા શરણં ત્વમેવ શરણં મમ
તસ્માત્ કારૂણ્ય ભાવેન્ રક્ષ રક્ષ જિનેશ્વર.

# ભક્તિ ગીત

આ છે.... અણગાર અમારા .... !

દાદા જીતવિજય ગુરૂ પ્યારા ......! ૧

કચ્છ વાગડના કોહિનૂર હીરા, શ્રધ્ધા અપરંપાર...

દાદા જીત વિજય મહારાજ....! ૨

શાંતિનાથ દાદાની શીતલ છાયામાં, સંયમ ભાવના થાય...

દાદા જીત વિજય મહારાજ .....! ૩

માતા-પિતાની આજ્ઞા લઈને, સંયમ લે સુખકાર..

દાદા જીત વિજય મહારાજ ....! ૪

ગુરૂદેવોની ભક્તિ કરીને, નમ્ર બન્યા અણગાર...

દાદા જીત વિજય મહારાજ....! ૫

મનફરા ગામનું નામ દીપાવ્યું, વર્ત્યો જયજયકાર...

દાદા જીત વિજય મહારાજ....! ૬

જ્ઞાન-ધ્યાનમાં મસ્ત બનીને, વિનય કરે અપાર..

દાદા જીત વિજય મહારાજ....! ૭

ત્યાગ-તપની ભાવના ભાવી, કરે કર્મનો નાશ...

દાદા જીત વિજય મહારાજ....! ૮

અનેક ગામોમાં વિહાર કરીને, વાણી સુણાવી સાર....

દાદા જીત વિજય મહારાજ.....! ૯

પલાંસવા ગામને પાવન કરીને, સફળ કર્યો અવતાર..

દાદા જીત વિજય મહારાજ....! ૧૦

**મુનિ શ્રી અમિતયશ વિજય**

: ચાર્તુમાસ :

શ્રી વાગડ વિ. ઓ. શ્વે. મૂ. પૂ. જૈન સંઘ,

અંધેરી (વે).

★ ★ ★

# ૧. શ્રી ઋષભદેવ જિન સ્તવન

**ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે,**
**ઓર ન ચાહું રે કંત;**
**રીઝયો સાહિબ સંગ ન પરિહરે રે,**
**ભાંગે સાદિ-અનંત. ઋષભ-૧**

**અર્થ** : શ્રી આનંદઘનજી મહારાજ કહે છે કે, મારા પ્રિયતમ એક શ્રી ઋષભદેવ પ્રભુ છે. બીજા કોઈ પતિની ચાહના મને નથી.

મારા આ પ્રીતમ એવા ભલા છે કે રાજી થઈને પોતાની સાથે જ રાખે છે અને પોતાના જેવા બનાવી દે છે.

**પ્રીત-સગાઈ રે જગમાં સહુ કરે રે,**
**પ્રીત-સગાઈ ન કોય;**
**પ્રીત-સગાઈ રે નિરુપાધિક કહી રે,**
**સોપાધિક ધન ખોય. ઋષભ. ૨**

**અર્થ** : જગમાં સહુ કોઈ પ્રીત-સગાઈ બાંધે છે ખરા, પણ તેમાં પ્રીતનું તત્વ હોતું નથી.

સાચી પ્રીત પરસ્પર વચ્ચેની ઉપાધિરહિત અવસ્થાએ બંધાય છે, સ્વાર્થજન્ય પ્રીતિમાં તો ધનલાભ ખોવા પડે છે. અર્થાત આત્મધનને મોટું નુકસાન થાય છે.

**કોઈ કંત કારણ કાષ્ટ ભક્ષણ કરે રે,**
**મિલશું કંતને ધાય;**
**એ મેળો નવિ કઈયેં સંભવે રે,**
**મેળો ઠામ ન ઠાય. ઋષભ. ૩**

**અર્થ** : દોડીને બીજા ભવમાં મારા પતિને ઝટ મળું એમ વિચારીને કેટલીક સ્ત્રીઓ કાષ્ઠભક્ષણ કરે છે અગ્નિસ્નાન કરે છે. અગ્નિમાં બળી મરે છે.

આ રીતે પતિ-મિલન શકય નથી. કારણ કે એ રીતે બળી મરવાથી પતિ મળતા નથી. મર્યા પછી બન્નેનું એક સ્થાને ઉત્પન્ન થવું પ્રાય:શકય નથી.

**કોઈ પતિ-રંજન અતિ ઘણો તપ કરે રે,**
**પતિ-રંજન તન-તાપ;**
**એ પતિ-રંજન મેં નવિ ચિત્ત ધર્યું રે,**
**રંજન ધાતુ-મિલાપ. ઋષભ. ૪**

**અર્થ** : કેટલીક સ્ત્રીઓ તો પતિને રીઝવવા માટે ઘણો તપ કરે છે અને એવા પ્રકારના રંજન માટે શારીરિક કષ્ટો પણ સહન કરે છે.

આનંદઘનજી મ૦ કહે છે, કે આવા પ્રકારના રંજનને મેં મનમાં સ્થાન આપ્યું નથી. હું ધાતુના મેળાપ જેવું એકરૂપ થનાર રંજન હોય, તેને રંજન કહું છું.

**કોઈ કહે લીલા રે અલખ અલખતણી રે,**
**લખ પૂરે મન આશ;**
**દોષ રહિતને લીલા નવિ ઘટે રે,**
**લીલા દોષ-વિલાસ. ઋષભ. ૫**

**અર્થ :** કોઈ કહે છે કે મનની લાખો આશા પૂરનાર અલખની લીલા ન સમજાય તેવી છે.

પણ દોષ રહિતને લીલા ઘટતી નથી. કારણ કે લીલા-રમત એ પણ દોષનો જ વિસ્તાર છે.

**ચિત્ત પ્રસન્ને રે પૂજન ફળ કહ્યું રે,**
**પૂજા અખંડિત એહ;**
**કપટ રહિત થઈ આતમ-અરપણા રે**
**આનંદઘન-પદ-રેહ. ઋષભ. ૬**

**અર્થ :** પરમાત્માની પૂજાનું ફળ ચિત્તની પ્રસન્નતા છે અને એ જ સાચી પૂજા છે.

કોઈ પણ જાતના કપટ સિવાય, પરમાત્માને આત્મ-સમર્પણ કરવું એજ મોક્ષપદની નિશાની છે.

## ૨. શ્રી અજિતનાથ જિન સ્તવન

(રાગ-આશાવરી, મારુ મન મોહ્યું રે
શ્રી વિમળાચરે રે-એ દેશી)

**પંથડો નિહાળું રે બીજા જિન તણો રે,**
**અજિત અજિત-ગુણ-ધામ;**
**જે તેં જીત્યા રે, તેણે હું જિતિયો રે,**
**પુરુષ કિશ્યું મુજ નામ ? પંથડો. ૧**

**અર્થ** : કોઈથીયે ન જીતી શકાય એવા ગુણોના ભંડાર **શ્રી અજીતનાથ** નામના બીજા તીર્થંકર પરમાત્માનો માર્ગ હું શોધી રહ્યો છું, પરંતુ હે અજિતનાથ પ્રભો ! આપે જે દોષોને જીતી લીધા છે, તે દોષોથી હું જીતાઈ ગયો છું. તો મને પુરુષ કઈ રીતે કહી શકાય ? (જે બીજાથી હારે નહિ, તે પુરુષ કહેવાય. આપ બીજાથી હાર્યા નથી, હું હારી ગયો માટે આપના જેવા થવા માટે આપનો માર્ગ હું શોધું છું.)

**ચર્મ-નયન કરી મારગ જોવતાં રે,**
**ભૂલ્યો સયલ સંસાર;**
**જેણે નયણે કરી મારગ જોઈએ રે,**
**નયણ તે દિવ્ય વિચાર. પંથડો. ૨**

**અર્થ** : માણસની ચામડાની આંખે (ચર્મ-ચક્ષુ, સ્થૂલ દૃષ્ટિ) વડે આપનો માર્ગ જોવા જતાં તો આખું જગત ભૂલું પડી ગયું છે. કારણ કે ચર્મચક્ષુ વડે આપનો માર્ગ જોઈ શકાય તેમ નથી પરંતુ જે આંખો વડે એ માર્ગ જોઈ શકાય તેમ છે, તે દિવ્ય-વિચારણા-પારમાર્થિક-વિચારણારૂપ નયન-ક્ષેત્ર છે. (દિવ્ય વિચારણારૂપ નયન એટલે સમ્યગ-દૃષ્ટિ)

**પુરુષ-પરંપર-અનુભવ જોવતાં રે,**
**અન્ધોઅંધ પુલાય;**
**વસ્તુ-વિચારે રે જો આગમે કરી રે,**
**ચરણ-ધરણ નહીં ઠાય. પં. ૩**

**અર્થ** : કોઈ પ્રસિદ્ધ પુરૂષનો અનુભવ તેની પછીના એક પછી એકની પાછળ હારબંધ ચાલ્યા જતા પુરુષો મારફત ચાલ્યો આવતો હોય તેને પ્રમાણ માની તેના આધારે જોવા જતાં પણ (આપનો) માર્ગ મળી શકે તેમ નથી. કેમ કે-એમ તો આંધળાની પાછળ આંધળો ચાલ્યો જતો હોય ને તેની પાછળ પોતે પણ જાય, તો પાછળ જનારો પણ તેઓની સાથે જેમ ખાડામાં જ પડે છે, તેના જેવું થાય. અર્થાત તેવા મનુષ્યો માર્ગે પહોંચી શકતા નથી, એ બીજી મુશ્કેલી છે.

તેમ જ આગમ શાસ્ત્રોની મદદથી વસ્તુસ્થિતિનો વિચાર કરવા જઈ એ તો પણ ચરણ-મૂળ-માર્ગ પર ઠરતા નથી, કારણકે શાસ્ત્રો ઘણાં છે અને બુદ્ધિ થોડી છે. એ ત્રીજી મુશ્કેલી છે.

**તર્ક-વિચારે રે વાદ-પરંપરા રે,**
**પાર ન પહોંચે કોય;**
**અભિમત-વસ્તુ, વસ્તુ-ગતેં કહે રે,**
**તે વિરલા જગ જોય. પં. ૪**

**અર્થ** : અનુમાન પ્રમાણના તર્કોની મદદથી માર્ગનું સ્વરૂપ સમજવાનો પ્રયાસ કરવા જતાં તો વાદવિવાદનો લાંબો ને લાંબો તાર ખેંચાવા લાગી જાય છે. અને તેમાં જ અટવાઈ પડાય છે. આ ચોથી મુશ્કેલી છે.

ખરેખરી રીતે સાચી વાત સમજાવે તેવા શુદ્ધ ઉપદેશકો જગતમાં કોઈક વિરલ જ જોવામાં આવે છે. તેથી તેનો ભેટો (સમાગમ) થવો મુશ્કેલ છે. આ પાંચમી મુશ્કેલી છે.

**વસ્તુ-વિચારે રે દિવ્ય નયન તણો રે,**
**વિરહ પડ્યો નિરધાર;**
**તરતમ-જોગે રે, તરતમ વાસના રે,**
**વાસિત-બોધ આધાર. પં. ૫**

**અર્થ** : વસ્તુ-સ્વરૂપનો સાચો વિચાર કરવામાં દિવ્ય નેત્રવાળા કેવળજ્ઞાની વગેરે અતિશય જ્ઞાનવંતોનો વિરહ નિશ્ચે પડ્યો છે.

હવે તો ઓછા-વધતાપણાના દરજ્જાના ક્રમથી, ચઢતા-ઉતરતા દરજ્જાના જ્ઞાનના ક્ષયોપશમના સંસ્કારને લીધે ઉત્પન્ન થએલ સત્યજ્ઞાનવાળા ચારિત્રશીલ પુરુષોગીતાર્થ પુરુષો જ આધારરૂપ છે. (ગીતાર્થ પુરુષ-નિશ્રિત માર્ગ-ગીતાર્થ પુરુષોની નિશ્રા એજ આધાર છે.)

**કાળ લબ્ધિ લહી પંથ નિહાળશું રે,**
**એ આશા અવલંબ;**
**એ જન જીવે રે જિનજી ! જાણજો રે,**
**આનંદઘન-મત-અંબ. પં. ૬**

**અર્થ** : કાળ પાકવારૂપ લબ્ધિ પ્રાપ્ત થયા પછી આપનો માર્ગ જોઈ શકવાના છીએ, આ આશા પણ મોટો આધાર છે.

આનંદઘનજી મહારાજ કહે છે કે,

હે જિનરાજ ! આનંદઘન-મત એટલે મોક્ષના આશયપૂર્વકની પ્રવૃત્તિનો જેણે આધાર

લીધો હશે તે જનઆત્મા છેવટે જીવવાનો છે. અર્થાત મોક્ષના આશયવાળો જીવ, આત્મ-વિકાસના લક્ષ્યમાં ટકી રહેવારૂપે જીવતો રહી માર્ગ પામી શકવાનો છે.

## ૩. શ્રી સંભવનાથ જિન સ્તવન

**સંભવદેવ તે ધુર સેવો સવે રે,**
**લહી પ્રભુ-સેવન-ભેદ;**
**સેવન કારણ પહેલી ભૂમિકા રે,**
**અ-ભય, અ-દ્વેષ, અ-ખેદ. સં. ૧**

**અર્થ** : દેવ તરીકે જે સંભવી શકે, તે સર્વની અથવા સંભવનાથ પ્રભુની, પ્રભુ સેવાના ભેદો જાણી, સૌથી પહેલા સેવા કરો.

સેવા કરવાના પ્રથમ કારણરૂપ-પહેલા-પાયામાં-અભય, અદ્વેષ અને અખેદ હોવા જોઈએ.

**ભય-ચંચળતા હો જે પરિણામની રે,**
**દ્વેષ અરોચક ભાવ;**
**ખેદ પ્રવૃત્તિ કરતાં થાકીએ રે,**
**દોષ અ-બોધ લખાવ. સં. ૨**

**અર્થ** : ભય એટલે પરિણામની ચંચળતા, દ્વેષ એટલે મુક્તિ અને મુક્તિમાર્ગના મુસાફરો તરફ મત્સર, તેમજ ખેદ એટલે દેવ-ગુરૂ-ધર્મ અને એકંદર આત્મવિકાસમાં મદદ કરતી પ્રવૃત્તિમાં વ્યાકુળતા, કંટાળો આદિ દાખવવા તે.

દોષ એટલે ઉત્કૃષ્ટ સ્થિતિ અને તીવ્ર રસથી ભરેલો અનાદિ કાળનો જીવને લાગેલો કર્મકળ, જેના લીધે સદ્‌બોધ પ્રાપ્ત થવાનો ભાવ ન જાગે.

**ચરમાવર્તે રે હો ચરમ-કરણે તથા રે,**
**ભવ-પરિણતિ-પરિપાક;**
**દોષ ટળે, વળી દૃષ્ટિ ખુલે ભલી રે;**
**પ્રાપ્તિ પ્રવચન-વાક. સં. ૩**

**અર્થ** : ચરમાવર્તમાં એટલે કે છેલ્લા પુદ્ગલ પરાવર્તનમાં જીવ જયારે પ્રવેશ કરે છે, ત્યારે અપુનર્બંધક ભાવ પ્રાપ્ત કરે છે. એમ કરતાં છેલ્લામાં છેલ્લું યથા પ્રવૃત્તિકરણ તેને પ્રાપ્ત થાય છે. અને તેની સાથોસાથ ભવ-પરિણતિ-તથાભવ્યત્વનો પરિપાક પણ થતો હોય છે. તેથી જીવનો કર્મમળરૂપ-તીવ્ર મિથ્યાત્વરૂપ દોષ અબોધપણું નાશ પામે છે.

ત્યારે તે જીવમાં **મિત્રા** નામની સુંદર પહેલી દૃષ્ટિ ખૂલે છે અને તે વખતે શ્રી જિનપ્રવચનને અનુસરતી વાણી અર્થાત ધર્મ શ્રવણની પ્રાપ્તિ થાય છે.

**પરિચય પાતક ઘાતક સાધુ શું રે,**
**અકુશળ અપચય ચેત;**
**ગ્રંથ અધ્યાતમ શ્રવણ-મનન કરી રે,**
**પરિશીલન નય હેત. સં. ૪**

**અર્થ** : (આ સ્તવનની ત્રીજી કડીમાં દર્શાવ્યા મુજબની આત્મિક યોગ્યતાઓ પરિપકવ થતાં)પાપનો નાશ કરે એવા પવિત્ર સાધુ મહાત્માઓની સાથે સંબંધ થાય છે, આત્મામાંથી પાપકર્મોનો ઘટાડો થાય છે.

અધ્યાત્મશાસ્ત્રના ગ્રન્થો સાંભળવાનો યોગ પ્રાપ્ત થાય છે.

તેનું મનન કરવાનું મન થાય છે. અને નયવાદ તથા હેતુવાદ પૂર્વક તેનું ઊંડું ચિંતન પરિશીલન-અનુપ્રેક્ષણ કરવાનું પ્રાપ્ત થાય છે.

**કારણ જોગે હો કારજ નિપજે રે,**<br>**એહમાં કોઈ ન વાદ;**<br>**પણ કારણ વિણ કારજ સાધિયે રે,**<br>**એ નિજ મત ઉન્માદ. સં. ૫**

**અર્થ** : ઉપર જણાવ્યા પ્રમાણે આત્મવિકાસ કાર્ય

તેને અનુકૂળ કારણ સામગ્રીના બળથી જ સાધી શકાય છે. કેમકે, કોઈપણ કાર્ય તેને અનુકૂળ કારણ સામગ્રી યોગે જ ઉત્પન્ન થાય છે.

કારણ વિના કાર્ય ઉત્પન્ન થાય જ નહિ, એ ચોક્કસ સિદ્ધાન્ત છે. એ વાતમાં કોઈનેય વાંધો (વાદ) હોય જ નહિ. તેમ છતાં કારણ-સામગ્રી વિના કાર્ય સાધવાનો પ્રયત્ન કરવામાં આવે, તો તે મતનું-પંથનું અથવા મતિ-કલ્પનાનું ગાંડપણ જ ગણાય.

**મુગ્ધ સુગમ કરી સેવન આદરે રે,**
**સેવન અગમ અનૂપ;**
**દેજો કદાચિત સેવક યાચના રે,**
**આનંદઘન રસરૂપ. સં. ૬**

**અર્થ :** મુગ્ધ એટલે ભોળા અણસમજુ લોકો પ્રભુની સેવા કરવી ઘણી સહેલી છે. એમ માની લઈ ને સેવા કરવા લાગી જાય છે. પણ પ્રભુની અનુપમ

સુદર સેવા ખરેખર અગમ્ય છે, ગૂઢ રહસ્યોવાળી છે, ઘણી મુશ્કેલીથી મળી શકે તેવી છે. (જેને તેને તે પ્રાપ્ત થઈ શકતી નથી. અપુનર્બન્ધકને જ તેની સાચી શરૂઆત થાય છે.)

તેથી શ્રી આનંદઘનજી મહારાજ કહે છે કે આનંદના ઘનરસરૂપ હે પ્રભો ! આપની અગમ્ય અને અનુપમ સેવા કરવાની આ સેવકની માગણી ભવિષ્યમાં કોઈ વખત તો પૂરી કરજો.

## ૪. શ્રી અભિનંદન જિન સ્તવન

**અભિનંદન જિન દરિસન તરસિયે,**
**દરિસન દુર્લભ દેવ;**
**મત-મત-ભેદે જો જઈ પૂછિએ,**
**સહુ થાપે અહમેવ. અભિ. ૧**

**અર્થ** : હે અભિનંદન જિનેશ્વર દેવ ! મને આપનું દર્શન કરવાની તાલાવેલી જાગી છે આપના દર્શનની ખરી તૃષા મારા દિલમાં જાગી છે પરંતુ દેવાધિદેવનું

દર્શન થવું તે ઘણું કઠિન કાર્ય છે.

જુદા-જુદા મતવાળાઓ-ધર્મવાળાઓ પાસે જઈ ને પરમાત્માના દર્શન કરવા માટેના ઉપાયો પૂછું છું, તો સહુ એક જ વાત કરે છે, બસ અહીં જ આવી જા. હું જ પરમાત્મા છું.

**સામાન્યે કરી દરિસન દોહિલું,**
**નિર્ણય સકલ વિશેષ;**
**મદમેં ઘેર્યો રે અંધો કિમ કરે,**
**રવિ, શશિ-રૂપ-વિલેખ. અભિ. ૨**

**અર્થ** : સામાન્ય રીતે પણ પરમાત્માનું દર્શન ઘણું જ મુશ્કેલ છે, તો પછી સર્વ પ્રકારના તત્વના નિર્ણય કરવા પૂર્વકનું વિશેષ દર્શન, વિશેષ મુશ્કેલ હોય જ એમાં તો પૂછવું જ શું ?

મદમાં ઘેરાએલો આંધળો માણસ સૂર્ય, ચન્દ્રના બિંબોને જોઈ જ ન શકતો હોય, તો પછી તેના સ્વરૂપોનું વિશ્લેષણ શી રીતે કરી શકે ?

**હેતુ વિવાદે હો ચિત્ત ધરી જોઈએ,**
**અતિ દુર્ગમ નયવાદ;**
**આગમવાદે હો ગુરૂગમ કો નહિ,**
**એ સબલો વિખવાદ. અભિ. ૩**

**અર્થ** : તર્કમાં મન પરોવીને તેની મદદથી પરમાત્માનું દર્શન કરવા જતાં જુદા-જુદા દૃષ્ટિબિંદુઓથી ઊભા થએલા જુદા-જુદા અનેક નયવાદો-અભિપ્રાયોને લીધે, તે દરેકનું રહસ્ય સમજી ન શકાવાથી અત્યંત મુશ્કેલી પડે છે.

આગમવાદની મદદથી દર્શન કરવા જતાં, કોઈ ગુરૂની મદદ હજી સુધી મેળવી શકાઈ નથી, તે પણ દર્શન કરવાનાં માર્ગમાં મોટી મુશ્કેલી છે.

**ઘાતિ-ડુંગર આડા અતિ ઘણા,**
**તુજ દરિસણ જગનાથ !**
**ધિટ્ઠાઈ કરી મારગ સંચરૂં,**
**સેંગુ કોઈ ન સાથ. અભિ. ૪**

**અર્થ** : (પ્રભુ દર્શન આડેનાં અનેક વિઘ્નો વર્ણવતાં શ્રી આનંદઘનજી મહારાજ ફરમાવે છે કે)

હે જગતના નાથ ! આપના દર્શનની આડા આત્માના ગુણોને ઘાત કરનારા ઘાતી કર્મોરૂપી ઘણા ડુંગરા ખડા છે. તેમ છતાં હઠપૂર્વક કોઈનુંય સાંભળ્યા વિના, તુજ દર્શનની મુજ તૃષા છિપાવવા માટે સાહસ કરીને એકલો ચાલવા લાગું, તો પણ મારી સાથે ચાલે તેવો ગુરૂરૂપી કોઈ માર્ગદર્શક હજી હું મેળવી શકયો નથી તે પણ મોટી મુશ્કેલી છે.

**દરિસણ-દરિસણ રટતો જો ફિરું,**
**તો રણ રોઝ સમાન;**
**જેહને પિપાસા હો અમૃત-પાનની,**
**કિમ ભાંજે વિષ-પાન. અભિ. ૫**

**અર્થ** : હે પ્રભુ ! જો હું દર્શન-દર્શન એમ રટણ કરતો-કરતો ફર્યા કરૂં, તો લોકો મને વગડાના

રોઝ જેવો જ માની લે. એટલે એમ કરવું એ પણ ઠીક નથી.

અમૃત પીવાની ઈચ્છાવાળો માનવી, કોઈ પણ સંજોગમાં વિષ-પાન કરતો નથી તેમ હે જિનરાજ સાંસારિક સુખો એ આત્મા માટે વિષપાન કરતાં પણ વધુ ઘાતક હોઈ, હું એક તારાજ દર્શન માટે ટળવળું છું.

**તરસ ન આવે હો મરણ-જીવન તણો,**
**સીઝે જો દરિસણ કાજ ;**
**દરિસણ દુર્લભ સુલભ કૃપાથકી,**
**આનંદઘન મહારાજ. અભિ. ૬**

**અર્થ** : જો આપના દર્શન પામવારૂપી કાર્યસિદ્ધ થાય, તો જીવન અને મરણની-જન્મમરણની તરસ સદાને માટે શાન્ત થઈ જાય. જો કે આપનું દર્શન થવું તો ઘણું જ દુર્લભ છે, તો પણ આનંદના ઘનરૂપ હે મહારાજા ! જો આપની કૃપા થાય તો

અતિ દુર્લભ એવું તે કાર્ય એટલું જ સુલભ છે. માટે આપ કૃપા કરો. હું પણ આપની કૃપાને પાત્ર બનવા માટે મથી રહ્યો છું.

## ૫. શ્રી સુમતિનાથ જિન સ્તવન

**સુમતિ ચરણ-કજ આતમ-અરપણા,**
**દરપણ જિમ અવિકાર; સુજ્ઞાનિ !**
**મતિ-તરપણ બહુ-સમ્મત જાણિયે,**
**પરિસરપણ સુવિચાર. સુજ્ઞાનિ ! સુમતિ. ૧**

**અર્થ** : દર્પણની જેમ વિકાર વગરના મેલ વગરના અર્થાત નિર્મળ એવા શ્રી સુમતિનાથ જિનેશ્વરદેવના ચરણ કમળમાં આત્માનું સમર્પણ કરવું, એ બુદ્ધિને સંતોષનારૂં જ્ઞાનીઓને સંમત, ઘણાઓએ પસંદ કરેલું અને સારા વિચારોમાં પ્રવેશ કરવા સમાન જાણવું, માટે સારી સમજણ ધરાવનારા હે ભવ્ય લોકો ! તમે એ કર્તવ્ય બજાવો.

**ત્રિવિધ સકલ તનુ ધર-ગત આતમા,**
**બહિરાતમ ધુરિ ભેદ; સુજ્ઞાનિ.**
**બીજો અંતર-આતમ તીસરો,**
**પરમાતમ અવિચ્છેદ સુજ્ઞાનિ ! સુમતિ. ૨**

**અર્થ** : સર્વ પ્રાણીઓમાં રહેલો આત્મા, ત્રણ અવસ્થામાં જોઈ શકાય છે.

તેમાં પહેલો ભેદ બહિરાત્મા છે, બીજો ભેદ અંતરાત્મા અને ત્રીજો ભેદ અખંડ અવિનાશી પરમાત્મા છે.

**આતમ-બુદ્ધે કાયાદિક ગ્રહ્યો,**
**બહિરાતમ અઘ-રૂપ; સુજ્ઞાનિ !**
**કાયાદિકનો હો સાખી-ધર રહ્યો,**
**અંતર-આતમ-રૂપ. સુજ્ઞાનિ ! સુમતિ. ૩**

**અર્થ** : શરીર વગેરે જ પોતે છે, અથવા એ સર્વ પોતાનાં છે, એમ મનાય છે, ત્યાં સુધી તે આત્મા, બહિરાત્મા છે.

બહિરાત્મા પાપનો પક્ષપાતી હોય છે.

શરીરાદિકમાંથી પોતાપણાની બુદ્ધિ ખેંચી લઈ, માત્ર તેની સર્વ હીલચાલોમાં સાક્ષીરૂપે જ રહે, એવી અવસ્થાવાળો આત્મા, અંતરાત્મા કહેવાય.

**જ્ઞાનાનંદે હો પૂરણ પાવનો,**
**વર્જિત સકલ ઉપાધી; સુજ્ઞાનિ !**
**અતીન્દ્રિય ગુણ-ગણ-મણિ આગરુ,**
**એમ પરમાતમ સાધ. સુજ્ઞાનિ ! ૪**

**અર્થ** : જ્ઞાનના આનંદથી પૂરેપૂરો ભરપૂર, પરમ પવિત્ર, કર્માદિક સર્વ ઉપાધિઓથી રહિત, ઈન્દ્રિયોથી અગોચર, ગુણોના સમૂહરૂપી રત્નોની ખાણ સમાન એ પ્રમાણે પરમાત્મ અવસ્થાનું સ્વરૂપ સમજો.

**બહિરાતમ તજી, અંતર-આતમા-**
**રૂપ થઈ સ્થિરભાવ, સુજ્ઞાનિ !**
**પરમાતમનું હો આતમ ભાવવું,**
**આતમ-અરપણ-દાવ. સુજ્ઞાનિ ! સુમતિ. ૫**

**અર્થ** : બહિરાત્મ ભાવનો ત્યાગ કરી, સ્થિર ભાવે આત્મ સ્વરૂપમાં નિષ્ઠ થઈ, પોતાના આત્માની પરમાત્મ અવસ્થા ભાવવી, તે આત્મસમર્પણની સાચી રીત છે.

**આતમ અરપણ વસ્તુ વિચારતાં,**
**ભરમ ટળે મતિ દોષ ; સુજ્ઞાનિ !**
**પરમ પદારથ સંપતિ સંપજે,**
**આનંદઘન-રસ પોષ. સુજ્ઞાનિ ! સુમતિ. ૬**

**અર્થ** : આત્મ સમર્પણના રહસ્યનો વિચાર કરતાં, ભ્રમરૂપ બુદ્ધિનો અજ્ઞાનરૂપ દોષ ટળી જાય છે અને આનંદના સમૂહથી ભરપૂર રસનું પોષણ કરનાર પરમ પદાર્થની સંપત્તિ-મોક્ષ પ્રાપ્ત થાય છે, એમ શ્રી આનંદઘનજી મહારાજ કહે છે.

## ૬. શ્રી પદ્મપ્રભ જિન સ્તવન

**પદ્મ પ્રભ જિન ! તુજ મુજ આંતરું રે,**
**કિમ ભાંજે ભગવંત ?**
**કર્મ વિપાકે કારણ જોઈને રે,**
**કોઈ કહે મતિમંત. પદ્મ. ૧**

**અર્થ** : હે પદ્મપ્રભ જિનેશ્વર દેવ ! મારી અને આપની અવસ્થા વચ્ચે જે અંતર-છેટું છે, તે કેમ કરીને દૂર થાય ?

તે આંતરા-અંતરનું કારણ કર્મના વિપાક છે, એમ કેટલાક બુદ્ધિમાન પુરૂષો અન્વય વ્યતિરેકથી કારણોની તપાસ કરીને કહે છે.

**પયઈ, ઠિઈ, અણુભાગ પ્રદેશથી રે,**
**મૂળ ઉત્તર બહુ ભેદ;**
**ઘાતી, અઘાતી હો બંધોદય ઉદીરણા રે,**
**સત્તા કર્મ વિચ્છેદ. પદ્મ. ૨**

**અર્થ** : પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશથી, મૂળ ભેદ અને ઉત્તર ભેદોથી કર્મના ઘણા ભેદ છે.

ઘાતી અને અઘાતી એવા પણ બે ભેદ છે. કર્મનાં બંધ, ઉદય, ઉદીરણા અને સત્તા હોય છે. અને ગુણસ્થાને ચઢતાં-ચઢતાં અનુક્રમે તે બંધાદિકનો વિચ્છેદ પણ થાય છે.

**કનકોપલવત પયડી પુરુષ તણી રે,**
**જોડી અનાદિ સ્વભાવ ;**
**અન્ય-સંજોગી જિહાં લગે આતમા રે,**
**સંસારી કહેવાય. પદ્મ. ૩**

**અર્થ** : પ્રકૃતિ અને પુરુષની એટલે કે કર્મ અને આત્માની જોડી સ્વભાવે કરીને અનાદિ કાળથી સોના અને પત્થરની માફક મિશ્રિત થઈને રહેલી છે.

આ રીતે જ્યાંસુધી પુરુષ એટલે આત્મા, કર્મરૂપ બીજા જડ પદાર્થોની સાથે સંયોગ ધરાવે છે, ત્યાંસુધી તે આત્મા સંસારી કહેવાય છે. અર્થાત કર્મ અને આત્માનો સંયોગ તે સંસાર.

**કારણ જોગે હો બાંધે બંધને રે,**
**કારણ મુગતિ મૂકાય;**
**આશ્રવ, સંવર નામ અનુક્રમે રે,**
**હેય, ઉપાદેય સુણાય. પદ્મ. ૪**

**અર્થ :** બંધ થવાના કારણો મળવાથી આત્મા કર્મો બાંધે છે, અને મુકત થવાના કારણો મળવાથી આત્મા, કર્મોથી મુકત થાય છે. એ બંને કારણોનાં નામ શાસ્ત્રમાં અનુક્રમે આશ્રવ અને સંવર સાંભળવામાં આવે છે.

એ બેમાં આશ્રવ હેય-ત્યાગ યોગ્ય છે અને સંવર ઉપાદેય-સ્વીકારવા યોગ્ય છે.

**યુંજનકરણે હો અંતર તુજ પડયો રે,**
**ગુણકરણે કરી ભંગ;**
**ગ્રન્થ ઉકર્તે કરી પંડિત જન કહ્યો રે,**
**અંતર-ભંગ-સુઅંગ. પદ્મ. ૫**

**અર્થ :** યુંજનકરણથી એટલે કે મારો આત્મ કર્મ સાથે જોડાવાથી મારી અને આપની વચ્ચે અંતર

પડેલું છે. અને ગુણકરણે કરીને એટલે કે આત્માના ગુણોનો વિકાસ થવાથી, કર્મો દૂર થતાં તે અંતર ભાંગી જાય તેમ છે.

આમ આંતરૂં ભાંગવાના ગુણકરણરૂપ ઉપાયની વાત, મોટા મોટા વિદ્વાન પુરૂષોએ મોટા મોટા ગ્રન્થોની અનેક ગાથાઓમાં વર્ણવેલ છે.

**તુઝ મુઝ અંતર, અંતર ભાંજશે રે,**
**વાજશે મંગલ તૂર;**
**જીવ-સરોવર અતિશય વાધશે રે,**
**આનંદઘન રસ પૂર. પદ્મ. ૬**

**અર્થ :** મારી અને આપની વચ્ચેનું અંદરનું અંતર ગુણકરણે કરીને ભાંગી જશે અને આપણે બન્નેય સંપૂર્ણપણે સરખા થઈશું-એકાકાર થઈશું-એક બીજામાં મળીશું, ત્યારે મંગળ વાજાં વાગી રહેશે. અને તેજ સમયે આનંદથી ઉછળતા પૂર્ણ સ્વગુણ વિકાસ રૂપ પરમાનંદ રસના-પાણીના પૂર આવવાથી જીવરૂપી સરોવર ખૂબ-ખૂબ વૃદ્ધિ પામશે-હેલે ચઢશે. મારો આત્મા પૂર્ણ આનંદમાં મગ્ન થશે.

# ૭. શ્રી સુપાર્શ્વનાથ જિન સ્તવન

**શ્રી સુપાર્શ્વજિન વંદિએ,**
**સુખ-સંપત્તિનો હેતુ લલના;**
**શાન્ત-સુધારસ-જલનિધિ,**
**ભવ-સાગરમાં સેતુ. લલના. સુપાર્શ્વ. ૧**

**અર્થ :** શ્રી સુપાર્શ્વ નામના સાતમા તીર્થંકરદેવને નમીએ, વંદીએ, પૂજીએ. કારણ કે તેઓ સર્વ પ્રકારના સુખ અને વ્યાવહારિક તથા પારમાર્થિક ઋદ્ધિના હેતુ એટલે કારણ છે. વળી તેઓ શાન્ત રસરૂપી અમૃતના સમુદ્ર છે અને સંસારરૂપ સમુદ્રના પુલ સમાન છે, એ કારણે આપણે તેમને વંદીએ.

**સાત મહા ભય ટાળતો,**
**સપ્તમ જિનવર દેવ; લલના,**
**સાવધાન મનસા કરી,**
**ધારો જિનપદ સેવ. લલના. શ્રીસુપાર્શ્વ. ૨**

**અર્થ** : સાત ભયોને દૂર કરનારા સાતમા આ જિનેશ્વર દેવને ભાવપૂર્વક વંદન કરો અને પૂરેપૂરી સભાનતા સાથે તેમના ચરણકમળની સેવા કરવાનો નિશ્ચય કરો.

**શિવશંકર, જગદીશ્વર,**
**ચિદાનંદ ભગવાન; લલના,**
**જિન, અરિહા, તીર્થંકર,**
**જ્યોતિ સ્વરૂપ અસમાન. લલના. શ્રી સુપાર્શ્વ. ૩**

**અર્થ** : શિવ અને શંકર, જગદીશ્વર અને ચિદાનંદ ભગવાન જિન અરિહંત અને તીર્થંકર તેમજ જ્યોતિ, સ્વરૂપ અને અજોડ એ બધાં હે પ્રભુ પર આપના તે તે ગુણને સૂચવનારાં નામો છે.

**અલખ નિરંજન વચ્છલુ,**
**સકલ જંતુ વિશરામ; લલના.**
**અભયદાન દાતા સદા,**
**પૂરણ આતમરામ. લલના. શ્રી સુપાર્શ્વ. ૪**

**અર્થ** : વળી હે પ્રભુ ! આપ અલખ છો, શબ્દો વડે પૂરા ન આલેખી શકાય તેવા છો, સ્થૂલ લક્ષ્યમાં પૂરા ન સમાવી શકાય તેવા છો,

આપ કર્મના અંજનથી સર્વથા રહિત નિરંજન છો, દયાળુ છો, સકળ જીવજંતુના વિસામારૂપ છો, અભય દાનના દાતાર છો તેમજ આત્મામાં જ મગ્ન રહેનારા છો.

**વીતરાગ, મદ, કલ્પના,**
**રતિ-અરતિ-ભય-સોગ; લલના**
**નિદ્રા, તંદ્રા, દુરંદશા;**
**રહિત અબાધિત યોગ લલના. શ્રી સુપાર્શ્વ. ૫**

**અર્થ** : રાગ-દ્વેષ, અભિમાન, તરંગી વિચારો, હર્ષ અને શોક, ભય, ઉંઘ, આળસ, દુર્દશા વગેરેથી સર્વથા રહિત અને સ્થિર સમાધિવાળા શ્રી સુપાર્શ્વ જિનને ભાવથી વંદના કરીએ.

**પરમ પુરૂષ, પરમાતમા,**
**પરમેશ્વર, પરધાન; લલના.**
**પરમ પદારથ પરમેષ્ઠિ,**
**પરમ દેવ પરમાન લલના. શ્રી સુપાર્શ્વ. ૬**

**અર્થ** : (આ કડીમાં પણ શ્રી જિનેશ્વર દેવના પરમ સ્વરૂપની સ્તવના છે.)

હે પ્રભુ ! ત્રિભુવનમાં શ્રેષ્ઠતમ પુરૂષ, શ્રેષ્ઠતમ આત્મા, શ્રેષ્ઠતમ શક્તિના સ્વામી અને શ્રેષ્ઠોમાં શ્રેષ્ઠ પણ આપ છો.

વળી શ્રેષ્ઠતમ પરમાતમ પદાર્થ પણ આપ છો અને ઊંચામાં ઊંચા પદે બિરાજમાન પરમેષ્ઠિ ભગવંત તેમજ સર્વોચ્ચ સન્માનને પાત્ર મોટામાં મોટા દેવ પણ આપ છો.

**વિધિ, વિરંચિ, વિશ્વંભરૂ**
**હૃષિકેશ, જગનાથ. લલના;**
**અઘહર, અઘમોચન ધણી,**
**મુક્તિ પરમપદ સાથ લલના. શ્રી સુપાર્શ્વ. ૭**

**અર્થ** : મોક્ષમાર્ગનું વિધાન કરનાર બ્રહ્મા, યોગ ક્ષેમના કરતા વિરંચી વિશ્વને ભરનાર અર્થાત વિશ્વવ્યાપક અથવા કેવળી સમુદઘાત વખતે આત્મ પ્રદેશોથી વિશ્વને ભરી દેનાર અથવા વિશ્વના સકળ પદાર્થો ઉપર પ્રકાશ નાખી વિશ્વને ભરી દેનાર, ઈન્દ્રિયોના સ્વામિ, જગતના નાથ, પાપનો નાશ કરનારા, પાપથી મુકાવનારા ઊંચામાં ઊંચા પદરૂપ મુક્તિપર્યંત સાથ આપનારા સુપાર્શ્વપ્રભુ, આપને સદા વંદન કરુ છું.

**એમ અનેક અભિધા ધરે,**
**અનુભવ-ગમ્ય વિચાર; લલના,**
**જે જાણે તેહને કરે,**
**આનંદઘન-અવતાર. લલના. શ્રી સુપાર્શ્વ. ૮**

**અર્થ** : આ રીતે પરમાત્મા અનેક નામો ધરાવે છે, એ નામોનો અર્થ અનુભવથીજ સમજી શકાય તેવો છે.

તે અર્થોત્પન્ન નામોનાં વિચારમાં જ જે મગ્ન રહે છે અર્થાત તે વિચારોનો જાતે અનુભવ કરીને તેમાં જે તન્મય બની શકે છે, તે આનંદઘનમાં અર્થાત મોક્ષમાં અવતાર કરી શકે છે.

## ૮. શ્રી ચંદ્રપ્રભ જિન સ્તવન

**દેખણ દે રે ! સખિ ! મુને દેખણ દે,**
**ચન્દ્રપ્રભ મુખચંદ; સખિ.**
**ઉપશમ રસનો કંદ, સખિ.**
**ગત કલિ-મલ-દુખદંદ. સખિ. ૧**

**અર્થ** : સુમતિ સખીને સમ્યગ દૃષ્ટિ જીવ કહે છે કે શાન્તરસના મૂળ કારણ સમા, કલહ મેલ, દુઃખ અને દ્વન્દ્વ વગરના શ્રી ચન્દ્રપ્રભ જિનેશ્વરદેવના મુખરૂપી ચન્દ્રને હે સખિ ! મને હવે જોવા દે, જોવા દે.

**સુહુમ-નિગોદે ન દેખિયો, સખિ.**
**બાદર અતિહિ વિશેષ, સખિ.**
**પુઢવી, આઉ ન લેખિયો, સખિ**
**તેઉ, વાઉ ન લેશ. સખિ. ચન્દ્ર. ૨**

**અર્થ :** સૂક્ષ્મ નિગોદમાં તેમજ બાદર નિગોદમાં મેં તે પ્રભુને દેખ્યા નથી, પૃથ્વીકાય, અપકાય, તેઉકાય અને વાયુકાયમાં પણ મેં તે પ્રભુને લેશ માત્ર જોયા નથી, માટે હે સખિ હવે મને જોવા દે, જોવાદે, પેટભરીને જોવા છે.

**વનસ્પતિ અતિ-ઘણ-દિહા, સખિ.**
**દીઠો નહિ દેદાર, સખિ.**
**બિ-તિ-ચઉરિંદિય, જલલીહા, સખિ.**
**ગતિસન્નિ પણ ધાર. સખિ. ચન્દ્ર. ૩**

**અર્થ :** વળી પ્રત્યેક વનસ્પતિ કાયમાં ઘણા દિવસ રહેતી વખતે, ત્યાં પણ પ્રભુના મનમોહક દેદારને હું જોઈ શકેલ નથી.

બે ઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય વગેરેમાં તેમજ ગર્ભજ જળ-ચર વગેરેમાં પણ પ્રભુનાં દર્શન કરી શકયો નથી. માટે હે સખિ ! હવે તો મને જોવા દે ! અનંત કાળે મને આ પ્રભુનું દર્શન થયું તે દર્શન મને દિલભરીને કરવા દે.

**સુર તિરિ-નિરય-નિવાસમાં, સખિ.**
**મનુજ અનારજ સાથ; સખિ.**
**અપજ્જત્તા પ્રતિભાસમાં, સખિ.**
**ચતુર ન ચઢિયો હાથ. સખિ. ચન્દ્ર. ૪**

**અર્થ** : વળી દેવ, તિર્યંચ અને નારકોના નિવાસમાં તેમજ અનાર્ય મનુષ્યોના ટોળામાં પણ ઘણો કાળ વીતાવ્યો, પણ ત્યાં કયાંય મને કદી પ્રભુ યાદ ન આવ્યા. વળી અપર્યાપ્ત અવસ્થામાં તેમજ પ્રતિભાસરૂપ પર્યાપ્ત અવસ્થામાં પણ એ ચતુર મારે હાથ આવેલો નથી. હું તેને જોઈ શકેલ નથી. માટે

હે સખિ ! હવે તું મને એ પ્રભુને બરાબર જોવા દે. એના દર્શન વિના હવે હું જીવી શકુ તેમ નથી.

**ઈમ અનેક થળ જાણીએ, સખિ.**
**દર્શન વિણું જિનદેવ; સખિ.**
**આગમથી મતિ આણીએ, સખિ.**
**કીજે નિર્મલ સેવ. સખિ. ૫**

**અર્થ** : એમ શ્રી જિનેશ્વરદેવનાં દર્શન સિવાય, હું અનેક સ્થળોમાંથી પસાર થયો છું. આ વિચાર આગમમાંથી જાણવા મળે છે. માટે હવે તો પ્રભુની નિર્મળ સેવા કરી લઈ એ, માટે હે સખિ ! હવે મને પ્રભુનાં વદનચન્દ્રનાં દર્શન કરવા દે !

**નિર્મળ સાધુ-ભગતિ લહી, સખિ.**
**યોગ-અવંચક હોય; સખિ.**
**ક્રિયા-અવંચક તિમ સહી, સખિ.**
**ફલ અવંચક જોય. સખિ. ચન્દ્ર. ૬**

**અર્થ** : સમ્યગ દર્શન પ્રાપ્ત થયું એટલે અનુક્રમે પવિત્ર સાધુ અને તેમની ભકિત મળે, એટલે આત્મા યોગાવંચક થાય, તેથી ક્રિયાવંચક થવાય અને તેમાંથી નિશ્ચે ફલાવંચક પણ થાય.

**પ્રેરક અવસર જિનવર, સખિ.**
**મોહનીય ક્ષય જાય; સખિ.**
**કામિતપૂરણ સુરતરૂ, સખિ.**
**આનંદઘન પ્રભુ-પાય. સખિ. ચન્દ્ર. ૭**

**અર્થ** : જયારે યોગ્ય અવસર આવી પહોંચશે, ત્યારે હે સખિ ! શ્રી જિનેશ્વરદેવ પ્રેરણા કરશે અને મોહનીય કર્મનો ક્ષય થઈ જશે. કેમકે આનંદના ભંડાર એવા પ્રભુજીના ચરણકમળ તો ઈચ્છિત પૂરવામાં કલ્પવૃક્ષ સમાન છે.

## ૯. શ્રી સુવિધિનાથ જિન સ્તવન

સુવિધિ જિણેસર પાય નમીને,
શુભ કરણી એમ કીજે રે;
અતિ ઘણો ઉલટ અંગ ધરીને,
પ્રહ ઉઠી પૂજીજે રે. સુવિધિ. ૧

**અર્થ :** વહેલી પ્રભાતે નિદ્રાનો ત્યાગ કરી, અનુપમ આંતરિક ઉલ્લાસપૂર્વક શ્રી સુવિધિનાથ જિનેશ્વદેવને ત્રિવિધે નમસ્કાર કરીને તેમની પૂજારૂપ શુભ કરણી કરવી જોઈએ.

દ્રવ્ય-ભાવ શુચિ ભાવ ધરીને,
હરખે દેહરે જઈએ રે;
દહ-તિગ પણ અહિગમ સાચવતાં,
એક-મના ધુરિ થઈએ રે. સુવિધિ. ૨

**અર્થ :** દ્રવ્યથી અને ભાવથી પવિત્રતા ધારણ કરીને દેહરાસર જવું અને ત્યાં જતાં પહેલાં મન એકાગ્ર કરીને દશત્રિક અને પાંચ અભિગમ સાચવવા.

**કુસુમ અક્ષત વર-વાસ સુગંધી,**
**ધૂપ દીપ મન સાખી રે;**
**અંગપૂજા પણ ભેદ સુણી ઈમ,**
**ગુરુમુખ આગમ ભાખી રે. સુવિધિ. ૩**

**અર્થ :** ફૂલ, ચોખા, ઉત્તમ વાસક્ષેપ, સુગંધી ધૂપ અને દીવો આ પાંચ પ્રકારની પ્રભુજીના અંગને સ્પર્શીને તથા અનુલક્ષીને થતી અંગપૂજા, જે આગમમાં કહી છે, તે ગુરૂ મહારાજના શ્રીમુખેથી સાંભળવી અને મનના ભાવપૂર્વક ધારણ કરવી.

**એહનું ફળ દોય ભેદ સુણીજે,**
**અનંતર ને પરંપર રે;**
**આણાપાલણ ચિત્ત-પ્રસન્ની,**
**મુગતિ સુગતિ સુરમંદિર રે; સુવિધિ. ૪**

**અર્થ :** આ જિનપૂજાનાં ફળ બે પ્રકારનાં છે (૧) અનંતર (૨) પરંપર.

અનંતર ફળ એટલે તત્કાલ ફળનારૂં,
પરંપર ફળ એટલે કાળક્રમેં ફળનારૂં.

ચિત્તની પ્રસન્નતા એ તરત મળનારૂં ફળ છે. શ્રી જિનાજ્ઞા અનુસાર શ્રી જિનપૂજા કરવાથી આ ફળ તરત જ મળે છે.

પરંપર ફળ-મનુષ્યભવરૂપ સદગતિ, દેવલોકની પ્રાપ્તિ અને છેવટે મોક્ષની પ્રાપ્તિરૂપ છે.

**ફૂલ, અક્ષત વર-ધૂપ પઈવો,**
**ગંધ, નૈવેધ, ફળ જલ ભરી રે;**
**અંગ-અગ્ર પૂજા મળી અડવિધ,**
**ભાવે ભવિક શુભ ગતિ વરી રે. સુવિધિ. ૫**

**અર્થ :** પરમાત્માના અંગે કરવાની તથા પરમાત્માની સામે ધરીને કરવાની, અંગ પૂજા અને અગ્રપૂજા એ બન્ને મળીને ફૂલ, ચોખા, શ્રેષ્ઠ ધૂપ, દીવો, સુગંધી ચંદન-કેસર વગેરે, નૈવેધ ફળ અને જળ એ આઠ ભેદે છે.

સત્તર ભેદ એકવીશ પ્રકારે,
અટ્ઠોત્તર શત ભેદે રે;
ભાવ-પૂજા બહુ વિધ નિરધારી,
દોહગ્ગ દુર્ગતિ છેદે રે. સુવિધિ. ૬

**અર્થ** : સત્તર, એકવીશ, એકસો આઠ વગેરે દ્રવ્યપૂજાના ઘણા ભેદો છે.

તેમજ ચૈત્યવંદન, દેવવંદન, ચતુર્વિંશતિ સ્તવન વગેરે ભાવપૂજા ઘણી રીતે શાસ્ત્રોમાં કહેલી છે, જે પૂજા દુર્ભાગ્ય અને દુર્ગતિનો નાશ કરે છે.

તુરિય ભેદ પડિવત્તિ પૂજા,
ઉપશમ-ખીણ-સયોગી રે;
ચઉહા પૂજા ઈમ ઉત્તર જઝયણે,
ભાખી કેવળ ભોગી રે. સુવિધિ. ૭

**અર્થ** : ઉપશાંતમોહ ગુણસ્થાન કે ક્ષીણ મોહ ગુણ

સ્થાનકે અને સયોગી કેવળી ગુણસ્થાનકે-તે તે ગુણ સ્થાનકોની પ્રાપ્તિરૂપ પૂજાનો ચોથો પ્રકાર છે, (૧) અંગપૂજા, (૨) અગ્રપૂજા, (૩) ભાવપૂજા અને (૪) પ્રતિપત્તિ પૂજા, એમ ચાર પ્રકારની પૂજા, કેવળ જ્ઞાનરૂપી લક્ષ્મીના ભોગી શ્રી સર્વજ્ઞ પરમાત્માએ ઉત્તરાધ્યયન સૂત્રમાં કહી છે.

**ઈમ પૂજા બહુ ભેદ સુણીને,**
**સુખદાયક શુભ કરણી રે;**
**ભવિક જીવ કરશે તે લહેશે,**
**આનંદઘન પદ ધરણી રે. સુવિધિ. ૮**

**અર્થ** : એ પ્રકારે પૂજાના ઘણા ભેદો સાંભળીને, લૌકિક અને લોકોત્તર સુખ આપનારી એ શુભ કરણી જે ભવ્ય કરશે તે આનંદ પદની પૃથ્વી અર્થાત્ સિદ્ધશિલા યાને મોક્ષ પ્રાપ્ત કરશે.

## ૧૦. શ્રી શીતલનાથ જિન સ્તવન

**શીતલ જિનપતિ લલિત ત્રિભંગી,**
**વિવિધ ભંગી મન મોહે રે;**
**કરુણા કોમલતા-તીક્ષણતા,**
**ઉદાસીનતા સોહે રે. શીતલ. ૧**

**અર્થ :** જુદી-જુદી રીતે થતા ભાંગાઓવાળી શ્રી શીતલનાથ ભગવાનને લાગુ પડતી અથવા તેમણે ઉપદેશેલી જુદા-જુદા ભાંગાઓવાળી સુંદર ત્રિભંગી મનમાં આશ્ચર્ય ઉત્પન્ન કરે છે. તે ત્રિરંગી આ પ્રમાણે છે.

(૧) કરુણા- કોમળતા, (૨) તીક્ષણતા અને (૩) ઉદાસીનતા : એમ પરસ્પર વિરોધી ત્રણ ગુણોવાળી છતાં એ ત્રિરંગી શ્રી શિતલનાથ પ્રભુમાં સોહે છે.

સર્વ જંતુ હિત-કરણી કરુણા,
કર્મ વિદારણ તીક્ષણ રે;
હાનાદાનરહિત-પરિણામી,
ઉદાસીનતા વીક્ષણ રે. શીતલ. ૨

**અર્થ :** પ્રભુજીમાં સર્વ જીવોનું હિત કરનારી કરુણા છે. કર્મોનો નાશ કરનારી તિક્ષ્ણતા છે.

પ્રભુજીની સાધક દશા મટીને અપ્રમત્ત ભાવમાં રહેલા પ્રભુજીની સિદ્ધ દશા પ્રગટ થવાથી, તેઓશ્રી જગતના સઘળા પદાર્થોને તટસ્થપણે ઉદાસીનપણે જોતા હોય છે. તેથી તેઓશ્રી ન તો કોઈનો ત્યાગ કરવાની પ્રવૃત્તિ કરે છે, ન તો કોઈ નો સ્વીકાર કરવાની પ્રવૃત્તિ કરે છે.

પર દુ:ખ છેદના ઈચ્છા કરુણા,
તીક્ષણ પર દુ:ખ રીઝેરે;
ઉદાસીનતા ઉભય વિલક્ષણ,
એક ઠામે કેમ સીઝે રે. શીતલ. ૩

**અર્થ :** કરુણા એટલે બીજાનું દુઃખ દૂર કરવાની ઈચ્છા. તિક્ષ્ણ એટલે બીજાનું દુઃખ જોઈને રાજી થવું તે. ઉદાસીનતા એટલે ન પર દુઃખ છેદનની ઈચ્છા, ન પર દુઃખથી રાજી થવું. એ રીતે એ બંનેય ભાવો ન હોય તે.

**અભયદાન તે મલક્ષય કરુણા,**
**તિક્ષણતા ગુણભાવે રે;**
**પ્રેરક વિણ કૃતિ ઉદાસીનતા,**
**ઈમ વિરોધ મતિ નાવે રે, શીતલ. ૪**

**અર્થ :** ત્રીજી કડીમાં ઉત્પન્ન કરેલ પ્રશ્નના જવાબ આપતાં આ ગાથામાં પૂ. આનંદઘનજી મહારાજ જણાવે છે કે, અનાદિ કર્મ-મળનો ક્ષય કરવારૂપ ભાવ-અભયદાન સ્વાત્મમાં પ્રગટ કરવું તે કરૂણા.

અને તે મળક્ષય કરવા જ્ઞાનાદિ ગુણોપણે આત્માની સ્વભાવ-પરિણતિમાં લીન થવારૂપ તિક્ષણતા ગૌણભાવે રહેલી જ છે.

અને પ્રેરણા કરનાર વિના સહજ ભાવે જ આત્મ પરિણતિરૂપ કૃતિ-કર્તવ્યનિષ્ઠા, તે રૂપ ઉદાસીનતા પણ છે.

આ રીતે એકજ આત્મામાં આ ત્રણેય ગુણો જુદી જુદી અસર નિપજાવનાર તરીકે રહેલા છે. માટે એક જ આત્મામાં હોવામાં કોઈ પણ વિરોધ બુદ્ધિમાં આવતો નથી.

**શક્તિ, વ્યક્તિ, ત્રિભુવન પ્રભુતા,**
**નિર્ગ્રન્થતા સંયોગે રે;**
**યોગી, ભોગી, વકતા, મૌની,**
**અનુપયોગી, ઉપયોગે રે. શીતલ. ૫**

**અર્થ :** આ કડીમાં-શ્રી જિનેશ્વરદેવમાં ઘટતી પાંચ જે ત્રિરંગીઓ છે, તે નીચે મુજબ છે.

૧. (૧) શક્તિ, (૨) વ્યક્તિ, (૩) શક્તિ-વ્યક્તિ-રહિત.

૨. (૧) ત્રિભુવન પ્રભુતા, (૨) નિર્ગ્રન્થતા, (૩) ત્રિભુવન પ્રભુતા-નિર્ગ્રન્થતા રહિત.

૩. (૧) યોગી, (૨) ભોગી, (૩) યોગ-ભોગ રહિત.
૪. (૧) વક્તા, (૨) મૌની, (૩) વક્તૃત્વ-મૌન રહિત.
૫. (૧) ઉપયોગવંત, (૨) અનુપયોગવંત, (૩) ઉપયોગ-અનુપયોગ રહિત.

**ઈત્યાદિક બહુભંગ ત્રિભંગી,**
**ચમત્કાર ચિત્ત દેતી રે;**
**અચરિજકારી, ચિત્ર વિચિત્રા,**
**આનંદઘન પદ લેતી રે. શીતલ. ૬**

**અર્થ** : એવા એવા બીજા પણ ઘણા ભાંગાઓવાળી ત્રિભંગીઓ મનમાં ચમત્કાર ઉત્પન્ન કરે છે.

આ ત્રિભંગીઓ સામાન્ય તેમજ વિશેષ-ઉભય પ્રકારે એવી અજબ ગજબની છે કે તેના ઉપર વિચાર કરતાં ચિત્તમાં આશ્ચર્ય સાથે આનંદ પેદા થાય છે.

જેની મદદથી આ ત્રિભંગીઓ અમે ઘટાવી શકીએ છીએ, તે સ્યાદ્‌વાદનું જ્ઞાન, આનંદઘન પદ આપનાર નીવડે છે. અર્થાત મોક્ષ આપનાર થાય છે.

## ૧૧. શ્રી શ્રેયાંસનાથ જિન સ્તવન

**શ્રી શ્રેયાંસજિન અંતરજામી,**
**આતમરામી નામી રે;**
**અધ્યાતમ-મત પૂરણ પામી,**
**સહજ મુગતિ-ગતિ-ગામી રે, શ્રી શ્રેયાંસ. ૧**

**અર્થ :** હે શ્રી શ્રેયાંસનાથ જિનેશ્વર દેવ ! આપ અંતર્યામી છો, આત્મામાં રમણતા કરનારા છો, જગતમાં શ્રી તીર્થંકર પરમાત્મા તરીકે પ્રસિદ્ધ છો. આપ પૂરેપૂરી રીતે અધ્યાત્મ-મત પ્રાપ્ત કરીને સહજ રીતે જ મોક્ષ ગતિમાં ગયા છો.

**સયલ સંસારી ઈન્દ્રિય રામી,**
**મુનિગણ આતમરામી રે;**
**મુખ્યપણે જે આતમરામી,**
**તે કેવલ નિષ્કામી રે. શ્રી શ્રેયાસ. ૨**

**અર્થ :** સઘળા સંસારી જીવો ઈન્દ્રિયોના વિષયોમાં રચ્યાપચ્યા રહે છે. માત્ર મુનિ-મહાત્માઓ આત્મામાં રમણતા કરનારા હોય છે.

મુખ્યત્વે જે આત્મામાં રમણતા કરતા હોય છે, તે જ આતમરામી કહેવાય છે.

**નિજ-સ્વરૂપ જે કિરિયા સાધે,**
**તે અધ્યાતમ લહીયે રે;**
**જે કિરિયા કરી ચઉગતિ સાધે,**
**તે ન અધ્યાતમ કહીયે રે, શ્રી શ્રેયાંસ. ૩**

**અર્થ :** જે ક્રિયા પોતાનું સ્વરૂપ સાધે, તે ક્રિયાનું નામ આધ્યાત્મ જાણવું. અને જે ક્રિયા કરવાથી ચાર ગતિમાં રખડવું પડે, તેને અધ્યાત્મ કહી શકાય નહિ.

**નામ અધ્યાતમ, ઠવણ અધ્યાતમ,**
**દ્રવ્ય અધ્યાતમ છંડો રે;**
**ભાવ અધ્યાતમ નિજ ગુણ સાધે,**
**તો તેહશું રઢ મંડો રે. શ્રી શ્રેયાંસ. ૪**

**અર્થ** : કેવળ નામ અધ્યાત્મ, સ્થાપના અધ્યાત્મ અને દ્રવ્ય અધ્યાત્મ તે ત્રણ જો ભાવ-અધ્યાત્મમાં સહાયક ન હોય તેને છોડી દેવા જોઈએ.

અને જે પોતાનું સાચું સ્વરૂપ પ્રગટ કરે તે ભાવ અધ્યાત્મ છે. તેની સાધનામાં દૃઢ રીતે મચી પડો.

**શબ્દ અધ્યાતમ અર્થ-સુણીને,**
**નિર્વિકલ્પ આદરજો રે;**
**શબ્દ અધ્યાતમ ભજના જાણી,**
**હાન-ગ્રહણ-મતિ ધરજો રે. શ્રી શ્રેયાંસ. ૫**

**અર્થ** : આધ્યાત્મિક શાસ્ત્રોરૂપી શબ્દ અધ્યાત્મમાંથી તેના અર્થો સાંભળીને, છેવટે તો નિર્વિકલ્પ દશાજ આદરજો. તે સિવાય આધ્યાત્મિક શાસ્ત્રો અને તેના અર્થનો બોધ કરવાનું કોઈ ફળ નથી.

અર્થાત ભાવ-અધ્યાત્મ નિર્વિકલ્પ દશા

પ્રાપ્ત કરવા માટે જ છે. શાસ્ત્રો તો અમુક હદ સુધી જ સહાયક થઈ શકે છે. છેવટે તો નિર્વિકલ્પ દશા-અનુભવજ્ઞાન પ્રતિભાજ્ઞાન જ અધ્યાત્મની પરાકાષ્ઠાએ લઈ જઈ શકે છે. એ કક્ષાએ પહોંચ્યા પછી કાંઈ પણ લેવાનું કે છોડવાનું નથી.

અથવા શબ્દ નયની અપેક્ષાએ અધ્યાત્મનો અર્થ નિર્વિકલ્પ દશાનો આદર કરવો તે છે. કેમકે તે નિશ્ચય નયનો ભેદ છે. નિશ્ચય નયનું અધ્યાત્મ પ્રાપ્ત થયા પછી નિર્વિકલ્પ દશા પ્રાપ્ત થાય છે.

અથવા શબ્દ અધ્યાત્મરૂપે બધાયે શાસ્ત્રોમાં અધ્યાત્મ હોય જ, એમ માની ન લેવું. કોઈમાં અધ્યાત્મ હોય અને કોઈમાં ન પણ હોય એમ અધ્યાત્મની ભજના જાણવી.

માટે નયોની મદદથી તે શાસ્ત્રોમાંથી લેવા જેવું લેવું અને છોડી દેવા જેવું છોડી દેવું.

અધ્યાત્મની ભજનાઓ-જુદી જુદી કક્ષાના ભેદો જાણ્યા પછી એકાંત ત્યાગ કે સ્વીકારની બુદ્ધિ રહેતી નથી. વિષયો તરફ તટસ્થતા પ્રાપ્ત થાય છે.

**અધ્યાતમ જે વસ્તુ વિચારી,**
**બીજા જાણ લબાસી રે;**
**વસ્તુગતેં જે વસ્તુ પ્રકાશે,**
**આનંદઘન-મત-વાસી રે. શ્રી શ્રેયાંસ. ૬**

**અર્થ** : જે વસ્તુ સ્વરૂપને યથાર્થ પણે સમજનારા છે, તે અધ્યાત્મી છે. બીજાને તો લેબાસી વેષધારી સમજવાના છે.

જેઓ વાસ્તવિક રીતે વસ્તુને પ્રકાશનારા છે-શુદ્ધ પ્રરૂપણા કરનારા છે, તેઓ જ આનંદના સમૂહરૂપ આત્માના મતમાં વાસ કરનારા યાને સ્થિર રહેનારા છે.

## ૧૨ શ્રી વાસુપૂજ્ય જિન સ્તવન

**વાસુપૂજ્ય જિન ત્રિભુવન સ્વામી,**
**ઘન-નામી પરિણામી રે;**
**નિરાકાર-સાકાર સચેતન,**
**કરમ કરમફલ કામી રે. વાસુ. ૧**

**અર્થ** : ઈન્દ્રાદિથી પૂજ્ય એવા ત્રણ ભુવનના સ્વામી શ્રી વાસુપૂજ્ય જિનેશ્વર દેવરૂપ આત્મા ઘનનામી-નિત્ય અને પરિણામી-પરિણામો પામનાર અથવા શ્રેષ્ઠ નામવાળા છે.

એ પ્રભુ નિરાકાર છે અને આકાર સહિત પણ છે તેમજ ચેતનાવંત છે. તેઓ આત્માના મૂળગુણ યુક્ત છે. કરમ કરનારા છે અને એ સારાં-માઠાં ખરાબ કર્મો થાય તેના ફળના ભોક્તા પણ છે.

**નિરાકાર અભેદ સંગ્રાહક,**
**ભેદ ગ્રાહક સાકારો રે;**
**દર્શન, જ્ઞાન દુભેદ ચેતના,**
**વસ્તુ ગ્રહણ વ્યાપારો રે. વાસુ. ૨**

**અર્થ** : નિરાકાર દર્શનોપયોગ તે અભેદ-પદાર્થનો સામાન્ય ધર્મ ગ્રહણ કરનાર છે.

સાકાર = જ્ઞાનોપયોગ તે ભેદ પદાર્થનો વિશેષ ધર્મ ગ્રહણ કરનાર છે.

આ પ્રમાણે દર્શન અને જ્ઞાનરૂપ બે ભેદવાળી ચેતનાથી-દર્શનોપયોગ અને જ્ઞાનોપયોગથી પદાર્થને જાણવાનો પ્રયત્ન-ઉપયોગ વ્યાપાર થાય છે.

**કર્તા પરિણામી, પરિણામો,**
**કર્મ, જે જીવેં કરીએ રે;**
**એક-અનેક રૂપ નયવાદે,**
**નિયતે નર અનુસરીએ રે. વાસુ. ૩**

**અર્થ** : કર્તા પરિણામી એટલે પરિણામ પામનાર દ્રવ્ય, હંમેશાં સ્વ-પર્યાયોનો કર્તા હોય છે, ઉત્પાદક અને વિનાશક હોય છે.

પરિણામ એટલે કર્મ.

જીવ જે કરે તે કર્મ. (કાર્મણ વર્ગણાને આત્મા પોતાની સાથે ચોંટાડે તે કાર્મણ વર્ગણા આત્માને ચોંટે ત્યારથી કર્મ કહેવાય. તે દ્રવ્ય કર્મ કહેવાય. અને તે ચોંટવામાં આત્માના રાગ-દ્વેષરૂપ પરિણામ તે ભાવ કર્મ કહેવાય.

તે કર્મના એક અને અનેક પ્રકારો છે. તે કર્મરૂપ પરિણામનો (પરિણામી) કર્તા (નર) આત્મા, તેની સમજ નયવાદને અનુસરીને ચોકકસ સ્વરૂપમાં કરવી જોઈએ.

**દુઃખ સુખરૂપ કર્મ ફળ જાણો,**
**નિશ્ચે એક આનંદો રે;**
**ચેતનતા પરિણામ ન ચૂકે,**
**ચેતન કહે જિનચંદો રે. વાસુ. ૪**

**અર્થ** : દુઃખરૂપ કે સુખરૂપ કર્મનાં ફળો સમજવાં. અને નિશ્ચય નયથી તો એક અપૂર્વ આનંદની પ્રાપ્તિ જ ફળરૂપ છે. વેદના સ્વરૂપ ચેતના છે.

ચેતન પોતાના ચેતનતા સ્વરૂપ પરિણામો કોઈ દિવસ છોડતો જ નથી, એમ શ્રી જિનેશ્વરદેવ ફરમાવે છે.

**પરિણામી ચેતન, પરિણામો,**
**જ્ઞાન-કરમ-ફળ ભાવિ રે;**
**જ્ઞાન-કર્મ-ફળ ચેતન કહીયે,**
**લેજો તેહ મનાવી રે. વાસુ. ૫**

**અર્થ** : જ્ઞાનરૂપે થનાર-પરિણમનાર; કર્મરૂપે થનાર પરિણમનાર અને કર્મના ફળરૂપે પરિણમનાર સ્વ-પરિણામ સ્વરૂપે ચેતન પરિણમે છે. માટે તેનાં નામ જ્ઞાનચેતના, કર્મરૂપચેતના અને કર્મ ફલ ચેતના કહી શકાય.

આ વસ્તું બરાબર સૂક્ષ્મ દષ્ટિથી સમજી લેવી.

**આતમ-જ્ઞાની શ્રમણ કહાવે,**
**બીજા તો દ્રવ્ય લિંગી રે;**
**વસ્તુ-ગતેં જે વસ્તુ પ્રકાશે,**
**આનંદઘન-મત-સંગી રે. વાસુ. ૬**

**અર્થ** : જે આત્માને યથાર્થપણે જાણે તે શ્રમણમુનિ કહેવાય. બીજા તો બાહ્ય વેષધારી છે.

વસ્તુ જે રીતે હોય, તે પ્રમાણે યથાર્થ રીતે જે કહે તે આનંદઘન મતસંગી કહેવાય.

## ૧૩. શ્રી વિમલનાથ જિન સ્તવન

**દુઃખ-દોહગ્ગ દૂરે ટળ્યાં રે,**
**સુખ-સંપદશું ભેટ;**
**ધીંગ-ધણી માથે કિયો રે,**
**કુણ ગંજે નર-ખેટ ?**
**વિમલ જિન ! દીઠાં લોયણ આજ;**
**મારા સિદ્ધયાં વાંછિત કાજ. વિમલ. ૧**

**અર્થ** : આજે મેં શ્રી વિમલનાથ જિનેશ્વદેવને મારા ચક્ષુથી જોઈ લીધા છે, મને તેમનાં સાક્ષાત દર્શન થયાં છે. તેથી મારા દરેક મનોરથ સિદ્ધ થયાં છે.

અને મારા દુઃખ દૌભાગ્ય નાશ પામ્યા છે. સુખ અને સંપત્તિ સાથે મારો મેળાપ થયો છે. કેમકે માથે ધીંગો ઘણી સમર્થ સ્વામી રાખ્યા પછી મામુલી માણસથી કોઈ ગાંજયો જાય ? ન જ જાય, તેમ શ્રી જિનેશ્વર દેવના દર્શન પછી, દુઃખ અને દૌર્ભાગ્ય ટકી શકે નહિ અને સુખ-સંપત્તિ મળ્યા વિના રહે નહિ.

**ચરણકમલ કમલા વસે રે,**
**નિર્મલ સ્થિર-પદ દેખ;**
**સમલ-અસ્થિર-પદ પરિહરે રે,**
**પંકજ પામર પેખ. વિમલ. ૨**

**અર્થ** : હે વિમલનાથ પ્રભુ ! આપના નિર્મળ અને સ્થિર એવા ચરણકમળને જોઈને લક્ષ્મીદેવી, મલિન અને નાશવંત સ્થાનરૂપ કાદવમાં ઉત્પન્ન થએલા કમળને મામુલી, તુચ્છ, બિચારું સમજીને છોડી દે છે અને આપના ચરણકમળમાં વસે છે.

મુજ મન તુજ પદ-પંકજે રે,
લીનો ગુણ મકરંદ;
રંક ગણે મંદર-ધરા રે,
ઈન્દ્ર, ચન્દ્ર, નાગેન્દ્ર. વિમલ. ૩

**અર્થ :** હે વિમલનાથ પ્રભુ ! મારા મનરૂપી ભમરો આપ ચરણ-કમળની સુવાસમાં એવો તો લીન થઈ ગયો છે કે, સુવર્ણમય મેરૂ પર્વતની ભૂમિ, ઇન્દ્ર, ચન્દ્ર, અને નાગેન્દ્ર પણ હવે મને રંક લાગે છે.

સાહિબ સમરથ તું ધણી રે,
પામ્યો પરમ ઉદાર;
મન-વિશરામી વાલહો રે,
આતમચો આધાર. વિમલ. ૪

**અર્થ :** હે સ્વામિ ! તારા જેવો સમર્થ, પરમ ઉદાર, મનના વિસામા સમાન, આત્માના આધારરૂપ અને વહાલામાં વહાલા ધણીને-માલિકને હું મેળવી શકયો છું, તેથી હવે, મારે બીજું શું જોઈએ ?

**દરિસણ દીઠે જિનતણું રે,**
**સંશય ન રહે વેધ;**
**દિનકર-કર-ભર પસરંતા રે,**
**અંધકાર પ્રતિષેધ. વિમલ. ૫**

**અર્થ :** સૂર્યના કિરણોનો સમૂહ ફેલાતાં અંધકારનો નાશ થઈ જાય છે, તેમ શ્રી જિનેશ્વરદેવનાં દર્શન થતાં જ શંકાઓ, વહેમો, મિથ્યા-વાસના વગેરે નાશ પામી જાય છે.

**અમિયભરી મૂરતિ રચી રે,**
**ઉપમા ન ઘટે કોય;**
**શાન્ત-સુધારસ ઝીલતી રે,**
**નિરખત તૃપ્તિ ન હોય. વિમલ. ૬**

**અર્થ :** હે વિમલનાથ જિનેશ્વરદેવ ! આપની મૂર્તિ અમૃતરસથી જ ભરપૂર છે, કેમકે તે એકદમ શાન્તરસમાં જ નાહી રહી હોય એવી રચાઈ ગઈ છે. માટે જગતની કોઈ પણ શ્રેષ્ઠ વસ્તુની ઉપમા પણ તેને બંધબેસતી થતી નથી.

આવી અનુપમ આપની મૂર્તિને નિરખતાં તૃપ્તિ થતી જ નથી.

**એક અરજ સેવક તણી રે,**
**અવધારો જિનદેવ !**
**કૃપા કરી મુજ દીજીએ રે,**
**આનંદઘન-પદ-સેવ. વિમલ. ૭**

**અર્થ** : હે જિનેશ્વરદેવ ! આ સેવકની એક અરજ સાંભળી લ્યો. કૃપા કરીને આનંદના ઘન એવા આપ પરમાત્માના ચરણોની સેવા મને આપો.

## ૧૪ શ્રી અનંતનાથ જિન સ્તવન

**ધાર તલવારની સોહિલી, દોહિલી,**
**ચૌદમા જિનતણી ચરણસેવા;**
**ધાર પર નાચતાં દેખ બાજીગરા,**
**સેવના-ધાર પર ન રહે દેવા. ધાર. ૧**

**અર્થ** : પાણીદાર તલવારની ધાર પર ચાલવું સહેલું છે, પણ શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા અનુસાર ચારિત્રનું પાલન કરવું તે ઘણું કઠણ કામ છે.

તલવારની ધાર પર તો નટ અને જાદુગરો પણ ચાલે છે, પણ શ્રી જિનેશ્વરદેવની સેવારૂપ તલવારની ધાર પર તો દેવો પણ ટકી શકતા નથી.

**એક કહે સેવિયે, વિવધ કિરિયા કરી,**
**ફલ અનેકાંત લોચન ન દેખે ;**
**ફલ-અનેકાંત કિરિયા કરી બાપડા,**
**રડવડે ચાર ગતિમાંહી લેખે. ધાર. ૨**

**અર્થ** : કોઈક કહે છે કે (ચૌદમા) જિનેશ્વરદેવની સેવા કરવી એ અમારે માટે કોઈ મુશ્કેલીની વાત નથી. અમે વિવિધ ક્રિયા-અનુષ્ઠાનો કરીને તેમની સેવા સાધીશું.

પરંતુ તેઓ ભૂલે છે કે ક્રિયા કરવા માત્રથી સુંદર પરિણામ આવી જતું નથી. તેઓ અનેકાંત નામનો હેત્વાભાસ દોષ કે જે વિસંવાદી ફળ (જુદી

જાતનું ફળ) આપે છે તે જોઈ શકતા નથી.

(૧) અહી ક્રિયાનું ફળ અનેકાંત છે એનો અર્થ એ છે કે ક્રિયા એકાંતે ફળ આપે અને ન પણ આપે એટલે (૨) ક્રિયાને અનેકાંત ફળ આપનારી કહી છે. આજ્ઞા સાપેક્ષ ક્રિયા ફળે અને આજ્ઞા નિરપેક્ષ ક્રિયા ન ફળે અથવા વિપરીત ફળ પણ આપે.

જેનું ફળ અનેકાંત છે, કાર્ય સાથે વિસંવાદી છે, એવી એ સંદિગ્ધ ફળવાળી સ્વમતિકલ્પના અનુસાર ક્રિયા કરી તે બિચારા ચાર ગતિમાં અટવાયા કરે છે.

**ગચ્છના ભેદ બહુ નયણ નિહાળતાં,**
**તત્વની વાત કરતાં ન લાજે;**
**ઉદર ભરણાદિ નિજ કાજ કરતાં થકાં,**
**મોહ નડિયા કલિકાલ રાજે. ધાર. ૩**

**અર્થ** : શ્રી જિનેશ્વર દેવની સેવા કેટલી બધી દુર્લભછે, તે ગચ્છોના અનેક ભેદ જોતા સ્પષ્ટ જણાઈ આવે છે.

કેટલાક તો પોતે માનેલી ક્રિયામાં જ તત્વ છે, બીજે નથી એમ બોલતા હોય છે.

તો કેટલાક મુનિપણાની ઢાલ નીચે ઉદરભરણાદિ કાર્યો કરવા છતાં શરમાતા નથી.

આ બધું કલિકાલરૂપ પાંચમા આરાને લીધે મોહના નડતરથી જણાઈ આવે છે.

**વચન નિરપેક્ષ વ્યવહાર જુઠો કહ્યો,**
**વચન સાપેક્ષ વ્યવહાર સાચો;**
**વચન નિરપેક્ષ વ્યવહાર સંસાર ફળ,**
**સાંભળી, આદરી કાંઈ રાચો ? ધાર. ૪**

**અર્થ :** પરમાત્મા શ્રી જિનેશ્વરદેવના વચન સાથે મેળ ન ખાતો, જિનાજ્ઞાની નિરપેક્ષ, જિનાજ્ઞા, સાથે મળતો ન થતો વ્યવહાર જુઠો છે.

જે વ્યવહાર પરમાત્માની આજ્ઞા-સાપેક્ષ હોય, આજ્ઞાને અનુરુપ હોય, તેને અનુસરતો હોયતે વ્યવહાર સાચો છે.

વચન-નિરપેક્ષ વ્યવહાર જુઠો છે એમ કહ્યું તેનું કારણ એ છે કે, તેવા વ્યવહારનું ફળ સંસારરૂપે આવે છે, તેવા વ્યવહારથી જીવનો સંસાર વધે છે, જ્યારે ધર્મકરણી તો મોક્ષ પામવા માટે કરવાની હોય છે. તો તેનાથી મોક્ષરૂપ ફળ નિપજવું જ જોઈએ. તેને બદલે તેનાથી વિપરીત સંસારવૃદ્ધિરૂપ ફળ નિપજે, તો તે ઉલટું પરિણામ આવ્યું ગણાય.

માટે આ હકીકત સાંભળીને, વચન નિરપેક્ષ વ્યવહારનો આદર કરીને કેમ આનંદ પામો છો ? તેથી આનંદ પામવા જેવું નથી, પણ તેવો વ્યવહાર છોડવા જેવો છે.

**દેવ-ગુરૂ-ધર્મની શુદ્ધિ કહો કિમ રહે ?**
**કિમ રહે શુદ્ધ-શ્રદ્ધાન આણો ?**
**શુદ્ધ શ્રદ્ધાન વિણ સર્વ કિરિયા કરી,**
**છાર પર લીંપણું તેહ જાણો. ધાર. ૫**

**અર્થ** : વચન નિરપેક્ષ વ્યવહાર કરવાથી દેવ-ગુરૂ-ધર્મની શુદ્ધિ કઈ રીતે રહે ? અને શુદ્ધ શ્રદ્ધાન વિના આજ્ઞાનું પાલન કઈ રીતે રહે ? અને શુદ્ધ શ્રદ્ધા-સમ્યકત્વ વિનાની સર્વ ક્રિયાઓ છાર ઉપર લીંપણ જેવી છે.

**પાપ નહીં કોઈ ઉત્સૂત્ર ભાષણ જિસ્યો,**
**ધર્મ નહીં કોઈ જગ સૂત્ર સરિખો;**
**સૂત્ર અનુસાર જે ભવિક કિરિયા કરે,**
**તેહનું શુદ્ધ-ચારિત્ર પરીખો. ધાર. ૬**

**અર્થ** : આગમાનુસારી શાસ્ત્રો વિરુદ્ધ બોલવા જેવું મોટામાં મોટું કોઈ પાપ જગતમાં નથી. એને શ્રી જિનશ્વદેવ પ્રકાશેલા ધર્મના સૂત્રોને સન્માનવા જેવો બીજો કોઈ ધર્મ નથી.

માટે જે ભવ્ય જીવ, શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાને અનુસરીને ક્રિયા કરે છે, તેનું ચારિત્ર શુદ્ધ છે, એમ પરીક્ષા કરીને કબુલ રાખો.

એહ ઉપદેશનો સાર સંક્ષેપથી,
જે નરા ચિત્તમાં નિત્ય ધ્યાવે;
તે નરા દિવ્ય-કાલ સુખ અનુભવી,
નિયત આનંદઘન-રાજ પાવે. ધાર. ૭

**અર્થ** : સમગ્ર ઉપદેશોનો ટુંકો સાર ઉપર આ સ્તવનમાં બતાવવામાં આવ્યો છે. તે સારને જે લોકો ચિત્તમાં ધારણ કરી, તેનું ધ્યાન કરશે, એટલે કે તેને આદર્શ તરીકે સામે રાખી તેનો આદર કરી, અમલ કરી, તન્મય બનશે, તે માનવો ઘણા કાળ સુધી દિવ્ય સુખો ભોગવીને ચોક્કસ આનંદઘનરાજ-મોક્ષને પ્રાપ્ત કરનારા થશે.

## ૧૫. શ્રી ધર્મનાથ જિન સ્તવન

ધર્મ જિનેશ્વર ગાઉં રંગ શું,
ભંગ મ પડશો હો પ્રીત જિનેશ્વર !
બીજો મન મંદિર આણું નહીં,
એ અમ કુલ-વટ-રીત જિનેશ્વર ! ધર્મ. ૧

**અર્થ :** હે ધર્મનાથ જિનેશ્વરદેવ હું ઉમંગથી આપના જ ગુણગાન ગાઉં છું. મારી આ પ્રીતિમાં કદી ભંગાણ ન પડશો.

અને એ માટે અમારા કુળની ટેક રાખવાની રીત અનુસાર-આપના સિવાય બીજા કોઈ નેય હું મારા મનરૂપી મંદિરમાં સ્થાન નહિં આપું, એ મારો નિર્ધાર છે.

**ધરમ ધરમ કરતો જગ સહુ ફિરે,**
**ધરમ ન જાણે હો મર્મ; જિનેશ્વર !**
**ધરમ-જિનેશ્વર-ચરણ ગ્રહ્યાં પછી,**
**કોઈ ન બાંધે હો કર્મ. જિનેશ્વર ! ધર્મ. ૨**

**અર્થ :** આ જગતમાં ધર્મ ધર્મ બોલતા તો સહુ ફરે છે, પરંતુ તેમ બોલનારા બધા ધર્મના મર્મને જાણતા નથી હોતા.

ધર્મ (નાથ) જિનેશ્વરદેવનાચરણ પકડયા પછી, તેમને શરણે ગયા પછી, પરમાત્માની સાથે અભેદરૂપ થયા પછી કોઈ આત્મા કર્મ બાંધે જ નહિં.

**પ્રવચન-અંજન જો સદ્ગુરૂ કરે,**
**દેખે પરમ નિધાન. જિનેશ્વર !**
**હૃદય-નયન નિહાળે જગ-ધણી,**
**મહિમા મેરુ સમાન. જિનેશ્વર ! ધર્મ. ૩**

**અર્થ** : સર્વોચ્ચ ભાવદયા વરસાવનારા શ્રી જિનેશ્વરદેવના વચનોરૂપી અમૃતને બરાબર પચાવી જાણનારા સુગુરૂ જો તે વચનોના અર્કનું અંજન કરે, તો પોતાનો આત્મા જ ગુણોરૂપી રત્નોના મહાભંડાર રૂપ જોવામાં આવે છે.

અને આંતર-હૃદયરૂપી આંખથી મેરૂ પર્વત જેવા મહિમાવાળા પરમાત્માનું સાક્ષાત થવા દર્શન લાગે છે.

**દોડત દોડત દોડત દોડિયો,**
**જેતી મનની રે દોડ; જિનેશ્વર !**
**પ્રેમ-પ્રતીત વિચારો ઢુકડી,**
**ગુરૂ-ગમ લેજો રે જોડ. જિનેશ્વર. ધર્મ. ૪**

**અર્થ** : આ પ્રાણી તો બહિર્જગતમાં દોડતો જ રહ્યો દોડતો જ રહ્યો, એના મનની જેટલી દોટ હતી તેટલો તે દોડ્યો. પણ પોતાની પાસે જ રહેલા આત્માના પ્રેમની પ્રતીતિ કરવાનું કામ તેણે ન કર્યું માટે ગુરૂ મહારાજ પાસેથી તેનું જ્ઞાન મેળવી લેજો.

**એક-પખી પ્રીતિ કેમ પરવડે ?**
**ઉભય મિલ્યા હોય સંધિ; જિનેશ્વર !**
**હું રાગી, હું મોહે ફંદિયો,**
**તું નીરાગી, નિરંબધ જિનેશ્વર ! ધર્મ. ૫**

**અર્થ** : હે જિનેશ્વર દેવ ! હવે મને સમજાય છે કે એકપક્ષી-એક તરફની પ્રીત ટકતી નથી પણ ઉભયપક્ષી પ્રીત ટકે પણ છે અને પાંગરે પણ છે.

હે જિનેશ્વરદેવ ! આપ સાથે મારી પ્રીતિ નથી સંધાતી તેનું કારણ એ છે કે હું રાગદ્વેષથી રંગાએલો છું, મોહના ફંદામાં ફસાયેલો છું, જ્યારે

આપ સર્વથા રાગ-દ્વેષ રહિત છો, મોહમુકત છો, કર્મ બંધન રહિત છો.

**પરમ નિધાન પ્રગટ મુખ આગળે,**
**જગલ ઉલ્લંઘી હો જાય, જિનેશ્વર !**
**જ્યોતિ વિના જુઓ જગદીશની,**
**અંધોઅંધ પુલાય, જિનેશ્વર. ધર્મ. ૬**

**અર્થ :** હે જિનેશ્વરદેવ ! આંધળો માણસ પોતાના પગ પાસે પડેલા સોનાના ચરૂને જોઈ નહિ શકવાને કારણે તેને પડતો મૂકીને ઠેર-ઠેર ભીખ માગતો ફરે છે તેમ અનંતગુણ, શકિત અને આનંદના પરમ નિધાનરૂપ આત્મા પોતાના મોં આગળ ઉઘાડો હોવા છતાં અજ્ઞાનરૂપ અંધકારમાં અટવાએલા આ દુનિયાના જીવો તેને પડતો મૂકીને યા ઓળંગી જઈને એક આંધળાની પાછળ ચાલતા બીજા આંધળાની જેમ સુખની શોધમાં બહારને બહાર રખડયા કરે છે,

શ્રી જિનેશ્વરદેવે પ્રકાશેલા ધર્મના પ્રકાશના અભાવે યા તે પ્રકાશ ઝીલવાની યોગ્યતાના અભાવે, જગતના જીવો ધર્મ : ધર્મ : બોલવા છતાં, અધર્મના અંધકારમાં સબડ્યા કરે છે.

મતલબ કે ધર્મને પામવાનું કામ ઘણું કઠણ છે.

**નિર્મળ ગુણ મણિ રોહણ ભૂધરા,**
**મુનિ-જન માનસ હંસ, જિનેશ્વર !**
**ધન્ય તે નગરી ! ધન્ય વેળા ઘડી !**
**માતપિતા કુલ વંશ. જિનેશ્વર ! ધર્મ. ૭**

**અર્થ** : શુદ્ધ ગુણોરૂપી રત્નોના રોહણાચળ પર્વત સમાન ! મુનિ મહાત્માઓના મનરૂપી માનસ-સરોવરના હંસ સમાન ! હે ધર્મનાથ ! જિનેશ્વરદેવ ! આપ જન્મ્યા તે નગરીને ધન્ય છે ! વિચર્યા તે ક્ષેત્રોને ધન્ય છે ! જન્મ્યા તે સમયને ધન્ય છે ! આપના જન્મદાતા માતા-પિતાને ધન્ય છે ! આપના કુળ અને વંશને પણ ધન્ય છે!

**મન-મધુરક-વર જોડી કહે,**
**પદ-કજ નિકટ નિવાસ, જિનેશ્વર !**
**ઘન-નામિ આનંદઘન સાંભળો,**
**એ સેવક અરદાસ. જિનેશ્વર ! ધર્મ. ૮**

**અર્થ** : હે જિનેશ્વરદેવ ! મારા માનરૂપી ઉત્તમ ભમરાને આપના ચરણકમળની પાસે જ નિવાસ કરવા દ્યો. એવી સેવકની વિનંતી છે. હે! ઘનનામી આનંદઘન પ્રભુ આપ સાંભળો.

## ૧૬. શ્રી શાન્તિનાથ જિન સ્તવન

**શાન્તિ જિન ! એક મુજ વિનતિ,**
**સુણો ત્રિભુવનરાય રે;**
**શાન્તિ-સ્વરૂપ કિમ જાણિયે ?**
**કહો, મન કિમ પરખાય રે. શાન્તિ ૧**

**અર્થ** : (સાધક પૂછે છે) હે ત્રણ ભુવનના સ્વામિ! શ્રી શાન્તિનાથ જિનેશ્વરદેવ ! મારી એક વિનંતી

આપ સાંભળો શાન્તિનું સ્વરૂપ કેવું છે ? અને તે શી રીતે જાણી શકાય, તેમજ તેની મનથી કેવી રીતે પરીક્ષા કરી શકાય તે કહો.

પરમાત્મા જવાબ આપે છે.

**ધન્ય તું આતમા ! જેહને,**
**એહવો પ્રશ્ન અવકાશ રે;**
**ધીરજ મન ધરી સાંભળો,**
**કહું શાન્તિ પ્રતિભાસ રે. શાન્તિ ૨**

**અર્થ :** (પ્રભુ જવાબ આપે છે.) હે આત્મા ! તને આ જાતનો પ્રશ્ન સ્ફુર્યો તેથી તને ધન્ય છે. આવા ધન્યવાદને પાત્ર જીવને માટે શાન્તિનું સ્વરૂપ હું કહું છું તે ધીરજ ધરીને સાંભળો.

**ભાવ અવિશુદ્ધ સુવિશુદ્ધ જે,**
**કહ્યા જિનવરદેવ રે;**
**તે તિમ અવિતત્થ સદ્દહે,**
**પ્રથમ એ શાન્તિ-પદ-સેવ રે. શાન્તિ. ૩**

**અર્થ** : શ્રી જિનેશ્વરદેવે અશુદ્ધ અને શુદ્ધ જે ભાવો કહ્યા છે, તે ભાવો ખરેખર તે પ્રકારે જ છે, એમ પાકી શ્રદ્ધા ધરાવવી તે શાન્તિનું પહેલું પગથિયું છે. શાન્તિ સ્વરૂપને પામવાની ભૂમિકા છે.

**આગમધર ગુરૂ સમકિત,**
**કિરિયા સંવર સાર રે;**
**સંપ્રદાયી અવંચક સદા,**
**શુચિ અનુભવાધાર રે. શાન્તિ. ૪.**

**અર્થ** : આગમ શાસ્ત્રના જ્ઞાતા, સમ્યકત્વ ગુણના ધારક, સંવર સાધનારી ઉત્તમ ક્રિયાના આરાધક, ગુરુ પરંપરાનો સંપ્રદાય ધરાવનારા, નિર્દંભી, સદા પવિત્ર અને પવિત્ર અનુભવના આધારભૂત ગુરુ, તે શાન્તિ સ્થાનક છે.

**શુદ્ધ આલંબન આદરે,**
**તજી અવર જંજાળ રે;**
**તામસી વૃત્તિ સવિ પરિહરી,**
**ભજે સાત્વિક સાલ રે. શાન્તિ. ૫**

**અર્થ** : સુગુરૂ મહારાજનો યોગ પામીને બીજી બધી જંજાળ છોડી દઈ, શુદ્ધ આલંબનનું પાલન કરવું અને સર્વ પ્રકારની તામસી વૃત્તિનો ત્યાગ કરીને, સાત્વિક વૃત્તિરૂપી કિલ્લાનો આશ્રય લેવો તે પણ શાન્તિનું પગથિયું છે.

**ફલ-વિસંવાદ જેહમાં નહિ,**
**શબ્દ તે અર્થ સંબંધિ રે;**
**સકલ નયવાદ વ્યાપી રહ્યો,**
**તે શિવ-સાધન-સંધિ રે. શાન્તિ. ૬**

**અર્થ** : જે ક્રિયા કરવાથી-જે શુદ્ધ આલંબનનો આદર કરવાથી, તેની સાથે જેમ શબ્દ અને અર્થના સંબંધમાં વિસંવાદ ન આવે, તેમ તેના ફળનો વિસંવાદ ન થાય, તે ફલાવંચક યોગ કહેવાય.

મોક્ષરૂપ ફળના કારણોની પરસ્પર જોડાએલી સાંકળમાં સઘળોયે નયવાદ ગોઠવાએલો છે.

આ રીતની ક્રિયા પણ શાન્તિનું પગથિયું છે.

**વિધિ પ્રતિષેધ કરી, આત્મા-**
**પદારથ અવિરોધ રે;**
**ગ્રહણ-વિધિ મહાજને પરિગ્રહ્યો,**
**ઈસ્યો આગમે બોધ રે. શાન્તિ. ૭**

**અર્થ** : મહાજ્ઞાની સર્વજ્ઞ ભગવંતોએ અને બીજા મહાપુરુષોએ વિધિ અને પ્રતિષેધની કસોટીએ ચડાવીને કશાયે વિરોધ વિના આત્મા નામના પદાર્થને પ્રમાણાદિ વિધિપૂર્વક સ્વીકાર્યો છે. એ જાતનો આગમથી, આગમ સંબંધી આગમ વિષે બોધ થાય છે. તે શાસ્ત્રયોગ શાન્તિનું સ્થાન છે.

**દુષ્ટ જન-સંગતિ પરિહરી,**
**ભજે સુગુરૂ સંતાન રે;**
**જોગ-સામર્થ્ય ચિત્ત-ભાવ જે,**
**ધરે મુગતિ-નિદાન રે. શાન્તિ. ૮**

**અર્થ** : શાન્તિ માટે દોષયુકત માણસોની સોબત છોડી દેવી જોઈએ, અને ગુરૂની પરંપરાને સર્વથા વફાદાર સદ્‌ગુરૂનો આશ્રય લેવો જોઈએ.

કહેવાનું તાત્પર્ય એ છે કે આત્મ શાન્તિના ઈચ્છુકે અકલ્યાણ મિત્રોનો સંગ તજવો જોઈએ અને કલ્યાણમિત્રોનો સંગ કરવો જોઈએ.

આ રીતે કલ્યાણ મિત્ર સમાન સદ્‌ગુરૂઓનો યોગ સધાતાં, આત્માનુભવરૂપ સામર્થ્યયોગને લાયક બનીને સાધક આત્મા, શાન્તિની પરાકાષ્ઠાએ પહોંચી જશે.

**માન અપમાન ચિત્ત સમ ગણે,**
**સમ ગણે કનક પાષાણ કરે;**
**વંદક નિંદક સમ ગણે રે,**
**ઈસ્યો હોય, તું જાણ રે. શાન્તિ. ૯**

**અર્થ** : જ્યારે સામર્થ્ય યોગના બળથી આત્મા સમતા યોગમાં પ્રવેશ કરે છે ત્યારે-

માન-અપમાન એકસમાન ગણે છે, સુવર્ણ તેમજ પત્થરને એક સરખા ભાવે છે, તેમજ પોતાની નિંદા કરનાર અને સ્તુતિ કરનારને પણ સરખા જાણે છે.

**સર્વ જગજંતુને સમ ગણે,**
**સમ ગણે તૃણ-મણિ ભાવ રે;**
**મુક્તિ-સંસાર બિહુ સમ ગણે,**
**મુણે ભવ-જલનિધિ નાવ રે. શાન્તિ. ૧૦**

**અર્થ** : અણુએ અણુમાં આત્મ-સામર્થ્યની અનુભૂતિવળો મહાન આત્મા, જગતના સર્વ જીવો તરફ આત્મ સમભાવ રાખે છે. તણખલા અને રત્નોને સમાન સમજે છે. મોક્ષ અને સંસારને પણ સરખા માને છે.

**આપણો આતમ-ભાવ જે,**
**એક ચેતનાધાર રે;**
**અવર સવિ સાથ સંયોગથી,**
**એહ નિજ પરિકર-સાર રે. શાન્તિ. ૧૧**

**અર્થ** : ચેતન ગુણના આધારભૂત જે આત્મદ્રવ્ય, તેનું જે આત્મત્વ એજ પરમ શાન્તિરૂપ છે. બીજો

બધો જે સાથ છે, તે સર્વ કર્મના સંયોગથી ઉત્પન્ન થએલો છે તે સ્વાત્માના સાચા સાથી નથી. ઉપર જે સમ્યત્કવ આદિ ગુણો બતાવ્યા, તે જ આત્માનો સાચો પરિવાર છે.

**પ્રભુ મુખથી એમ સાંભળી,**
**કહે આતમ-રામ રે;**
**તાહરે દરિસણે નિસ્તર્યો,**
**મુજ સિધ્યાં સવિ કામ રે. શાન્તિ. ૧૨**

**અર્થ** : ઉપર પ્રમાણે પ્રભુના મુખેથી શાન્તિનું સ્વરૂપ સાંભળીને આત્મામાં રમણતા કરવાનો ઉત્સુક સાધક આનંદવિભોર થઈને કહે છે કે-

હે પ્રભો! હે શાન્તિનાથ જિનેશ્વરદેવ ! હું આપના દર્શન માત્રથી જ, આપે કરાવેલા શાન્તિસ્વરૂપના દર્શન માત્રથી જ સંસાર-સાગરથી નિસ્તાર પામી ચૂકયો છું. અને મારાં દરેક કાર્યો સિદ્ધ થયાં છે.

**અહો ! અહો ! હું મુજને કહું,**
**નમો મુજ, નમો મુજ રે;**
**અમિત ફલ-દાન-દાતારની,**
**જેહને ભેટ થઈ તુજ રે. શાન્તિ. ૧૩**

**અર્થ** : હે દેવાધિદેવ ! જેનું માપ ન થઈ શકે તેવા દાનને આપનારા પરમ દાનેશ્વરી એવા આપનો મેળાપ થવાથી પરમાનંદની ટોચે પહોંચેલો હું મારી જાતને કહું છું કે હું ધન્ય છું! ધન્ય છું ! મને નમસ્કાર હો ! મને નમસ્કાર હો !

**શાન્તિ-સ્વરૂપ સંક્ષેપથી,**
**કહ્યો નિજ-પર રૂપ રે;**
**આગમમાંહે વિસ્તાર ઘણો,**
**કહ્યો શાન્તિ જિન ભૂપ રે. શાન્તિ. ૧૪**

**અર્થ** : સ્વ અને પરની અપેક્ષાએ અહીં સંક્ષેપથી શાન્તિનું સ્વરૂપ કહેવામાં આવ્યું છે. શ્રી શાન્તિનાથ પ્રભુએ આગમમાં તેનો ઘણો જ વિસ્તાર કહ્યો છે.

શાન્તિ-સ્વરૂપ એમ ભાવશે,
ધરી શુદ્ધ પ્રણિધાન રે;
આનંદઘન-પદ પામશે,
તે લહેશે બહુ-માન રે. શાન્તિ. ૧૫

**અર્થ** : એ પ્રમાણે જે આત્મા શુદ્ધ પ્રણિધાન ધારણ કરીને શાન્તિના સ્વરૂપથી ભાવિત થશે, તેનો આદર કરશે, તે મોક્ષ મેળવશે અને જગતમાં શ્રી તીર્થંકરપદની પ્રાપ્તિ વગેરેથી બહુમાન પામશે.

## ૧૭. શ્રી કુંથુનાથ જિન સ્તવન

મનડું કિમ હિ ન બાઝે,
હો કુંથુજિન ! મનડું કિમ હિ ન બાઝે;
જિમ જિમ જતન કરીને રાખું,
તિમ તિમ અળગું ભાજે. હો કુંથુ. ૧

**અર્થ** : હે કુંથુનાથ પ્રભુ ! મારૂ મન કોઈ પણ રીતે કબજામાં નથી રહેતુ હું શું કરૂં ?

જેમ-જેમ મહેનત કરીને તેને વશમાં રાખવા જાઉં છું, તેમ-તેમ તે દૂર ભાગે છે.

**રજની, વાસર, વસતિ, ઉજડ,**
**ગયણ પાયાલે જાય;**
**સાપ ખાયે ને મુખડું થોથું,**
**એહ ઉખાણો ન્યાય. હો ! કુંથુ. ૨**

**અર્થ** : તે મન રાતે, દિવસે. વસ્તીમાં, ઉજ્જડ પ્રદેશમાં અને આકાશ-પાતાળમાં જાય છે, ભટકે છે, છતાં તેના હાથમાં કાંઈ આવતું નથી. સાપ ખાય ને મુખડું થોથું, એ કહેવતના ન્યાય મુજબ બધેય નિષ્ફળ ભટકે છે.

**મુગતિ તણા અભિલાષી, તપિયા,**
**જ્ઞાન ને ધ્યાન અભ્યાસે;**
**વયરીડું કાંઈ એહવું ચિન્તે,**
**નાખે અવળે પાસે. હો ! કુંથુ. ૩**

**અર્થ** : હે કુંથુનાથ પ્રભુ ! આ મન, મિત્રની જેમ વર્તવાને બદલે કટ્ટર શત્રુની જેમ વર્તીને કેટલીક વારતો ભલભલા તપસ્વીઓ, જ્ઞાનીઓ અને ધ્યાનીઓને પણ પછાડી નાખીને મુક્તિની તેમની અભિલાષા પર પાણી ફેરવી દે છે.

**આગમ આગમધરને હાથે,**
**નાવે કિણ વિધ આંકું;**
**કિહાં કણે જો હઠ કરી હટકું,**
**વ્યાલ તણી પરે વાંકું. હો ! કુંથુ. ૪**

**અર્થ** : શાસ્ત્રોના મોટા જાણકારને હાથે આગમોની મદદથી પણ તે મન કોઈ રીતે અંકુશમાં આવતું નથી અને જો કોઈ ઠેકાણે હઠીલું થઈને અટકી જાય, તો ત્યાંથી કોઈ પણ રીતે પકડમાં ન આવતાં સાપની માફક વાંકુચુંકું થઈ ને છટકી જાય છે. પણ કાબુમાં આવતું નથી.

**જો ઠગ કહું, તો ઠગ તો ન દેખું**
**શાહુકાર પણ નહિં;**
**સર્વમાહેં ને સહુથી અળગું,**
**એ અચરિજ મનમાંહિ. હો ! કુંથુ. ૫**

**અર્થ** : હે પ્રભુ ! તે મનને ઠગ કહું તો તે ઠગ જણાતું નથી, કેમકે પ્રગટપણે કોઈને છેતરતું એ દેખતું નથી.

જો એને શાહુકાર કહું તો તે શાહુકાર પણ જણાતું નથી, કારણ કે તેના ઉપર વિશ્વાસ મૂકી શકાતો નથી, જ્યારે શાહુકાર પર તો સહુ વિશ્વાસ મૂકે છે.

ઈન્દ્રિયો મારફત મન, એવી સિફતથી કામ લ્યે છે કે દોષનો ટોપલો તેના પર ન ઢોળતાં ઈન્દ્રિયો પર ઢોળાય છે. માનવજીવનમાં બધો ભાગ ભજવવા છતાં જાણે તે કાંઈ ન કરતું હોય એવું કોરૂં રહે છે.

મનની આ મહાચાલાકી મને આશ્ચર્યચકિત કરી મૂકે છે.

જે જે કહું તે કાન ન ધારે,
આપ મતેં રહે કાલો;
સુર-નર પંડિત જન સમજાવે,
સમજે ન માહરો સાલો. હો ! કુંથુ. ૬

**અર્થ** : હે પ્રભુ ! આ મન એવું તો આપમતિલું છે કે મારી કોઈ વાત કાને ધરતું નથી.

શી વાત કરૂં આ મનની ! દેવો માનવો અને વિદ્વાન પુરુષોની શિખામણને પણ તે ગણકારતું નથી.

મેં જાણ્યું એ લિંગ નપુંસક,
સકલ મરદને ઠેલે;
બીજી વાતે સમરથ છે નર,
એહને કોઈ ન ઝેલે હો ! કુંથુ. ૭

**અર્થ** : શ્રી આનંદઘનજી મહારાજ કહે છે કે હે પ્રભુ ! શબ્દકોષમાં મન શબ્દ નપુંસક લિંગે જણાવેલ છે, તેથી હું એમ સમજતો હતો કે પુરુષાતનહીન

મનમાં શો માલ હશે ? પણ તે તો મર્દોને પણ ધક્કે ચઢાવી દે છે.

જો કે પુરુષ બીજી ઘણી બાબતોમાં સમર્થ છે, પરંતુ તે મનને કોઈ જીતી શકતો નથી.

**મન સાધ્યું તેણે સઘળું સાધ્યું,**
**એહ વાત નહિં ખોટી;**
**એમ કહે, સાધ્યુ તે નવિ માનું,**
**એક હિ વાત છે મોટી. હો ! કુંથુ. ૮**

**અર્થ** : જગતમાં કહેવાય છે કે જેણે મનને વશ કર્યું, તેણે બધું ય વશ કર્યું. એ વાત ખોટી નથી, પણ સાચી છે.

પરંતુ કોઈ એકાએક કહી દે કે, મેં મારૂં મન વશ કરી લીધું છે, તો હું તે માની શકતો નથી. કારણકે એક મનને વશ કરવાની વાત જ મોટામાં મોટી છે.

મનડું દુરારાધ્ય તેં વશ આણ્યું,
તે આગમથી મતિ આણું;
આનંદઘન પ્રભુ ! માહરૂં આણો,
તો સાચું કરી જાણું. હો ! કુંથુ. ૯

**અર્થ** : હે કુંથુનાથ જિનેશ્વરદેવ ! મુશ્કેલીથી તાબે કરી શકાય એવા મનને આપે તાબામાં લઈ લીધું છે, એ વાત હું આગમથી તો મારી બુદ્ધિમાં ઉતારી લઉ છું. પરંતુ હે આનંદઘન પ્રભો ! મારા મનને તાબામાં લાવવા માટે આપ મને સહાયક થાઓ અને તાબે લાવી આપો તો મનનેતાબે કર્યું છે, એ વાત સાચી હોવાનું પ્રત્યક્ષ પણે માની શકું.

## ૧૮. શ્રી અરનાથ જિન સ્તવન

ધરમ પરમ અરનાથનો,
કેમ જાણું ભગવંત ! રે
સ્વ-પર-સમય સમજાવીએ,
મહિમાવંત મહંત રે. ધરમ. ૧

**અર્થ** : હે મહિમાવંત મહાપુરુષ અરનાથ પ્રભો ! આપનો પરમ ધર્મ કઈ રીતે જાણી શકાય ? સ્વ-સમય અને પર સમયની અપેક્ષાઓને સમજાવવાની આપ કૃપા કરો.

**શુદ્ધાતમ અનુભવ સદા,**
**સ્વ-સમય એહ વિલાસ રે;**
**પર-પડિછાંયડી જે પડે,**
**તે પર સમય નિવાસ રે. ધરમ. ૨**

**અર્થ** : પ્રભુ જ કહે છે કે શુદ્ધ આત્માનો હંમેશનો જે સાક્ષાત અનુભવ તે સ્વ-સમય તે સ્વાત્માનો-પોતાનો વિલાસ છે.

અને પરની એટલે અન્ય આત્માની, બીજા દ્રવ્યોની બીજા દ્રવ્યોના ગુણોની કે પર્યાયોની પ્રતિછાયા-પડછાયો જે પડે, તે પર સમયનું સ્થાનક છે.

સમય શબ્દના અનેક અર્થ થાય છે.

સમય એટલે અવિભાજ્ય કાળનો સૂક્ષ્મ અંશ.

સમય એટલે અવસર, પ્રસંગ.

સમય એટલે શાસ્ત્ર.

સમય એટલે દ્રવ્યાત્મા, ચેતનાત્મક દ્રવ્યાત્મા, આત્મ દ્રવ્ય.

અહીં સમય એટલે આત્મ દ્રવ્ય લેવાનું છે.

**તારા, નક્ષત્ર, ગ્રહ, ચંદ્રની,**
**જ્યોતિ દિનેશ મોઝાર રે;**
**દર્શન જ્ઞાન ચરણ થકી,**
**શક્તિ નિજાતમ ધાર રે. ધરમ. ૩**

**અર્થ** : જેમ તારા, નક્ષત્રો, ગ્રહો અને ચન્દ્રમા વગેરેનો પ્રકાશ સૂર્યની અંદર સમાવેશ પામી જાય છે, તે પ્રમાણે દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ પર્યાયો મારફત શક્તિરૂપ પોતાના આત્માને જ સમજો. પોતાના આત્મામાં તેનો સમાવેશ થઈ જાય છે.

**ભારી, પીળો, ચીકણો,**
**કનક અનેક તરંગ રે;**
**પર્યાયદષ્ટિ ન દીજીએ,**
**એક જ કનક અભંગરે. ધરમ. ૪**

**અર્થ** : ભારેપણુ, પીળાશ, સ્નિગ્ધતા એ વગેરે સોનાના પર્યાયો છે અને તે સોનાને આશ્રીને રહેલા છે. પણ જો પર્યાય દષ્ટિ છોડી દઈ એ તો સોનું જ દેખાય. એક અખંડ સુવર્ણદ્રવ્ય લાગે.

જેમ સોનાના અનેક ઘરેણાં થાય છે. પણ તે તમામ દાગીનામાં એકલું સોનું જ રહે છે, તેમ આત્માના અનેક પર્યાયો થાય પણ શુદ્ધ દશામાં તે એકલો શુદ્ધ એક આત્મ દ્રવ્યરૂપ હોય છે.

સોનાનો દાખલો આત્મ-સુવર્ણની શુદ્ધિ તરફ આપણું ધ્યાન ખેંચે છે. તેમાં રહેલા કર્મોરૂપી કચરાને દૂર કરવાની પ્રેરણા કરે છે. કેવળ પર્યાયમાં પરોવાઈ જઈ ને મૂળ આત્મ દૃષ્ટિ ન ગૂમાવી દેવાની શિખામણ આપણને આપે છે.

દર્શન, જ્ઞાન, ચરણ થકી,
અલખ સ્વરૂપ અનેક રે;
નિર્વિકલ્પ રસ પીજિયે,
શુધ્ધ, નિરંજન એક રે. ધરમ. ૫

**અર્થ** : આત્મા એક, અલક્ષ્ય સ્વરૂપે છતાં દર્શન જ્ઞાન, ચારિત્ર વગેરેથી અનેક સ્વરૂપે ભાસે છે.

પણ નિર્વિકલ્પ ધ્યાનનો અમૃતનો રસ, પીવા જેવો છે કારણ કે નિર્વિકલ્પ દશામાં આત્મા એકરૂપે, શુદ્ધરૂપે કોઈ પણ પ્રકારના અંજન વગરનો પ્રતીત થાય છે.

પરમારથ પંથ જે કહે,
તે રંજે એક તંત રે;
વ્યવહારે લખ જે રહે,
તેહના ભેદ અનંત રે. ધરમ. ૬

**અર્થ** : જેઓ પરમાર્થ માર્ગનું પ્રતિપાદન કરનારા હોય છે, તેઓ એકતંત્રથી–આત્માની અભેદતાથી–

એકતાથી પ્રસન્ન થાય છે. તેમને તેમાં જ આનંદ હોય છે. બીજું નકામું લાગે છે

પરંતુ જેઓ વ્યવહાર નયની દૃષ્ટિથી લક્ષ્ય-આત્મા વિષે રમણતા કરતા હોય છે, તેમની દૃષ્ટિમાં આત્માના અનંત પર્યાયોની અપેક્ષાએ અનંત ભેદો હોઈ શકે છે.

**વ્યવહારે લખ દોહિલો,**
**કાંઈ નાવે હાથ રે;**
**શુદ્ધ નય થાપના સેવતાં,**
**નવિ રહે દુવિધા સાથ રે. ધરમ. ૭**

**અર્થ** : માત્ર વ્યવહાર નયના આધારે રહેવાથી લક્ષ્યને-આત્માને પૂર્ણ રીતે સાધવો મુશ્કેલ છે. માત્ર તેનાથી કાંઈ પણ ખરી વસ્તુ હાથમાં નથી આવતી.

જ્યારે શુદ્ધ નયની અપેક્ષાએ મોક્ષમાર્ગની

જે વ્યવસ્થા છે, તેનો આદર કરવામાં આવે છે તો દ્વૈતપણું-ભેદપણું રહેતું જ નથી. પણ અદ્વૈતપણાનો અનુભવ થાય છે.

**એક-પખી લખ પ્રીતની,**
**તુમ સાથે જગનાથ રે;**
**કૃપા કરીને રાખજો,**
**ચરણતલે ગ્રહી હાથ રે. ધરમ. ૮**

**અર્થ** : હે જગનાથ ! હાલમાં આપની સાથેની મારી પ્રીતિનું લક્ષ્ય એકપક્ષીય છે, વ્યવહાર નય પૂરતું છે કારણ કે હાલ મારી એ જ ભૂમિકા છે. તો પણ આપ કૃપા કરીને મારો હાથ પકડીને મને આપના ચરણ તળે રાખવાની કૃપા કરશો, કે જેથી ભવિષ્યમાં હું પરમાર્થ પ્રાપ્ત કરી શકું. છઠા ગુણઠાણા સુધી વ્યવહારની પ્રધાનતા હોય છે. અને તે ઉપરના ગુણ સ્થાનકોમાં નિશ્ચયની પ્રધાનતા છે.

**ચક્રી ધરમ-તીરથ તણો,**
**તીરથ-ફળ તત્ત સાર રે;**
**તીરથ સેવે તે લહે,**
**આનંદઘન નિરધાર રે. ધરમ. ૯**

**અર્થ** : હે અરનાથ જિનેશ્વરદેવ ! આપ ચક્રવર્તી હોવા ઉપરાંત ધર્મતીર્થના પણ ચક્રવર્તી હતા.

આપના તીર્થના અસ્તિત્વનું ફળ, સારભૂત ઉત્તમ તત્વનું જગતમાં અસ્તિત્વ સાકાર બને છે, તે છે.

એટલે કે ત્યાજ્યનો ત્યાગ, સ્વીકાર્યનો સ્વીકાર અને ઉપેક્ષારૂપ તત્વ-સાર નીપજે છે.

તેથી હે જિનરાજ ! જેઓ તીર્થની-શ્રી જૈનશાસનના વ્યવહાર માર્ગની સેવા કરે છે, તેઓ જે ચોક્કસ આત્મૈકતારૂપ આનંદનો ઘન પ્રાપ્ત કરે છે પણ વ્યવહારને છોડી દેનારા પરમાનંદની પ્રાપ્તિના અધિકારી બની શકતા નથી.

## ૧૯. શ્રી મલ્લીનાથ જિન સ્તવન

**સેવક કિમ અવગણિયે હો !**
**મલ્લિજિન ! એ અબ શોભા સારી ?**
**અવર જેહને આદર અતિ દીયે,**
**તેહને મૂળ નિવારી. હો ! મલ્લિ. ૧**

**અર્થ :** લોકો જે આશા-તૃષ્ણાનો અતિશય આદર કરે છે, તે આશા-તૃષ્ણાને મૂળથી ઉખેડી નાખનારા હે મલ્લિનાથ જિનેશ્વરદેવ ! આ સેવકની અવગણના કરો છો એ શું આપને શોભારૂપ છે ?

**જ્ઞાન સ્વરૂપ અનાદિ તમારૂં,**
**તે લીધું તમે તાણી;**
**જુઓ અજ્ઞાન દશા રીસાવી,**
**જાતાં કાણ ન આણી. હો ! મલ્લિ. ૨**

**અર્થ :** હે જિનેશ્વરદેવ ! અનાદિ કાળનું આપનું જ્ઞાનસ્વરૂપ જે આપના આત્મામાં દબાએલું હતું,

તેને આપે અજ્ઞાનદશાથી મુક્ત કરીને આત્મસાત કરી લીધું એટલે અજ્ઞાન દશા રીસાઈને ચાલતી થઈ. અર્થાત તેનું મૃત્યુ થયું તેમ છતાં આપે તેનો શોક ન પાળ્યો કે કાંણ ન માંડી તે શું સારૂં કર્યું ?

**નિદ્રા, સુપન, જાગર ઉજાગરતા,**
**તુરિય અવસ્થા આવી;**
**નિદ્રા, સુપન દશા રીસાણી,**
**જાણી ન નાથ માનવી. હો. મલ્લિ. ૩**

**અર્થ** : હે નાથ ! નિદ્રા, સ્વપ્ન, જાગ્રત અને ઉજ્જાગરતા એ ચાર અવસ્થામાંથી ચોથી અવસ્થા આવી એટલે બાકીની ત્રણ અવસ્થાઓ રીસાઈ ગઈ. રીસાઈ ગઈ એટલું જ નહિ પણ રીસાઈને ચાલતી થઈ છતાં આપે તેને રોકાઈ જવાનું ન કહ્યું, એ શું આપને શોભે છે ?

**સમકિત સાથે સગાઈ કીધી,**
**સપરિવાર શું ગાઢી;**
**મિથ્યામતિ અપરાધણ જાણી,**
**ઘરથી બાહિર કાઢી. હો. મલ્લિ. ૪**

**અર્થ** : હે જિનરાજ ! સમકિત અને તેના પરિવાર સાથે આપે મજબૂત સગપણની ગાંઠ બાંધી દીધી અને મિથ્યામતિને અપરાધિની સમજીને ઘર બહાર તગડી દીધી, પણ તેની જરા ય દયા ન ખાધી તે શું સારૂં કર્યું ?

**હાસ્ય, અરતિ, રતિ, શોક, દુગંછા**
**ભય, પામર કરસાલી;**
**નોકષાય, શ્રેણિ-ગજ ચઢતાં**
**શ્વાન તણી ગતિ ઝાલી. હો ! મલ્લિ. ૫**

**અર્થ** : હે મલ્લીનાથ જિનેશ્વવદેવ ! આપ જ્યારે ક્ષપક શ્રેણિરૂપ હાથી ઉપર ચઢ્યા, ત્યારે હાસ્ય,

અરતિ, રતિ, શોક, દુગંછા અને ભય એ પામર અને દૂબળા નોકષાયોએ કૂતરાની ગતિ પકડી લીધી.

**વેદોદય કામા પરિણામાં,**
**કામ્ય કરમ સહુ ત્યાગી;**
**નિષ્કામી કરૂણારસ સાગર,**
**અનંત ચતુષ્ક પદ પાગી. હો ! મલ્લિ. ૭**

**અર્થ** : વેદોનો ઉદય તે કામ પરિણામ કહેવાય. તે કામ-પરિણામથી ઉત્પન્ન થતી તમામ પ્રવૃત્તિઓનો ત્યાગ કરીને સર્વથા નિષ્કામી થએલા કરૂણારસના સાગર પરમાત્મા ચાર અનંત પદોને પામે છે. (અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર અને અનંત વીર્ય.)

**દાન-વિઘન વારી સહુ જનને,**
**અભયદાન પદ દાતા;**
**લાભ-વિઘન જગ-વિઘન-નિવારક,**
**પરમ-લાભ-રસ-માતા. હો ! મલ્લિ. ૮**

**અર્થ** : હે દેવાધિદેવ ! દાનાંતરાય કર્મનો નાશ કરીને આપ જગતા સર્વ જીવોને અભય-નિર્ભય સ્થાનરૂપ મોક્ષ આપનારા બન્યા. જીવોને અભય-નિર્ભય સ્થાનરૂપ મોક્ષ આપનારા બન્યા. અને જગતમાંના વિઘ્નોનો નાશ કરનારા હોવાથી મંગળભૂત આપ લાભાંતરાય કર્મનો પણ નાશ કરી મોક્ષપદના લાભમાં માતા એટલે મસ્ત બન્યા છો.

**વીર્ય-વિઘન પંડિત-વીર્યે હણી,**
**પૂરણ-પદવી યોગી;**
**ભોગોપભોગ દોય વિઘન નિવારી,**
**પૂરણ ભોગ-સુભોગી. હો મલ્લિ. ૯**

**અર્થ** : હે વહાલા વિશ્વેશ્વર ! આપ પંડિત વીર્યે કરીને વીર્યાંતરાય કર્મનો ક્ષય કરી પૂર્ણપદ સાથે જોડાઈ ગયા તથા ભોગાંતરાય અને ઉપભોગાંતરાય કર્મનો નાશ કરી, પૂર્ણ ભોગોને સારી રીતે ભોગવનારા બન્યા છો.

**એ અઢાર દૂષણ વરજિત તનુ,**
**મુનિજન વૃંદ ગાયા;**
**અવિરતિ-રૂપક-દોષ નિરૂપણ,**
**નિર્દૂષણ મન ભાયા હો. મલ્લિ. ૧૦**

**અર્થ** : હે જિનેશ્વરદેવ ! આ સ્તવનમાં વર્ણવેલા અઢાર દોષોથી રહિત સ્વરૂપવાળા આપ મારા મનને ખૂબ ખૂબ ભાવો છો-ગમો છો એટલું જ નહિ, મુનિ-સમુદાય પણ આપના ગુણોનું ગાન કરીને કૃતાર્થતા અનુભવે છે.

**ઈણ વિધ પરખી, મન-વિશરામી-**
**જિનવર ગુણ જે ગાવે;**
**દીનબંધુની મહેર-નજરથી,**
**આનંદઘન પદ પાવે. હો. મલ્લિ. ૧૧**

**અર્થ** : ઉપર જણાવેલા અઢાર દોષ રહિત હોવાની પરિક્ષા કર્યા બાદ જે જીવો, મનને વિસામો આપે તેવા ઉચ્ચં ગુણોના ભંડાર એવા શ્રી જિનેશ્વર

ભગવતાંના ગુણાનુ ગાન કરે છે, તેઓ તે દીનદયાળની કૃપાદૃષ્ટિથી મોક્ષ-પદ પ્રાપ્ત કરે છે.

## ૨૦. શ્રી મુનિસુવ્રત જિન સ્તવન

**શ્રી મુનિ સુવ્રત જિનરાજ !**
**એક મુજ વિનતિ નિસુણો,**
**આતમ તત્વ કયું જાણું ? જગતગુરુ !**
**એહ વિચાર મુજ કહિયો.**
**આતમ તત્વ જાણ્યા વિણ નિર્મળ,**
**ચિત્ત સમાધિ નવિ લહિયો. શ્રી મુનિ. ૧**

**અર્થ :** શ્રી આનંદઘનજી મહારાજ શ્રી મુનિસુવ્રત સ્વામીને વિનવે છે કે-

હે જગતગુરુ ! શુદ્ધ આત્મા તત્વરૂપે કેવો છે અને તે શી રીતે સમજી સકાય, એનો વિચાર મને કહો, કારણ કે આત્માને તાત્વિક સ્વરૂપે જાણ્યા વિના ચિત્તની નિર્મળ સમાધિ પ્રાપ્ત થઈ શકતી નથી.

**કોઈ અબંધ આતમ તત્વ માને,**
**કિરિયા કરતો દીસે;**
**કિરિયાતણું ફલ કહો કુણ ભોગવે ?**
**ઈમ પૂછ્યું ચિત્ત રીસે. શ્રી મુનિ ૨**

**અર્થ** : કેટલાક દર્શનકારો, આત્મા કર્મબંધ રહિત છે, એમ એકાંતે માને છે, પણ જ્યારે તેમને એમ પૂછવામાં આવે છે કે સારી-માઠી ક્રિયાનું ફળ કોણ ભોગવશે ? ત્યારે તેઓ ગુસ્સે થઈ જાય છે.

**જડ, ચેતન એ આતમ એકજ,**
**સ્થાવર જંગમ સરખો;**
**સુખ, દુઃખ-સંકર દૂષણ આવે,**
**ચિત્ત વિચારી જો પરીખો. શ્રી મુનિ. ૩**

**અર્થ** : કોઈ કહે છે કે જડ અને ચેતન એ બધા આત્માઓ જ છે. સ્થાવર અને જંગમ પદાર્થો એકસરખા જ છે. જડ અને ચેતન જુદા નથી જ.

જો મનમાં બરાબર વિચાર કરીને એ મતની પરીક્ષા કરીએ તો તેમાં સુખ અને દુઃખનું મિશ્રણ થઈ જવાનો દોષ આવતો જણાશે.

**એક કહે નિત્ય જ આતમ-તત્ત,**
**આતમ-દરિસણ લીનો,**
**કૃત વિનાશ અકૃતાગમ દૂષણ;**
**નવિ દેખે મતિ હીણો. શ્રી મુનિ. ૪**

**અર્થ** : એકાંતથી આત્મ દર્શનમાં લીન થએલા કેટલાક કહે છે કે, આત્મ તત્વ કૂટસ્થ નિત્ય જ છે. પરંતુ તેઓ પોતાના કથનમાં કૃતનાશ અને અકૃતાગમ નામના બે દોષો આવે છે, તે સમજી શકતા નથી.

**સૌગત મતરાગી કહે વાદી,**
**ક્ષણિક એ આતમ જાણો;**
**બંધ-મોક્ષ સુખ-દુઃખ નવિ ઘટે,**
**એહ વિચાર ન આણો. શ્રી મુનિ. ૫**

**અર્થ :** બૌદ્ધમતાના રાગી કહે છે કે, આત્મા ક્ષણિક છે, એમ જાણો. તો તો આત્માને બંધ કે મોક્ષ, સુખ કે દુ:ખ ઘટી શકશે નહિ, એ વિચાર મનમાં કરી જુઓ.

**ભૂત ચતુષ્ક વર્જિત આતમ-તત્ત,**
**સત્તા અળગી ન ઘટે;**
**અંધ શકટ જો નજરે ન દેખે,**
**તો શું કીજે શકટે ? શ્રી મુનિ. ૬**

**અર્થ :** ભૂત-ચતુષ્ક એટલે પૃથ્વી, પાણી, વાયુ અને અગ્નિ. એ ચાર ભૂત સિવાય આત્મા નામનો કોઈ પાંચમો પદાર્થ જગતમાં વિદ્યમાન નથી એમ કહેવું પણ ધરાર ખોટું છે. કેમકે આંધળો માણસ પોતાની સામે પડેલા ગાડાને દેખી શકે નહિ તો પછી તે ગાડું જગતમાં વિદ્યમાન હોવા છતાં તેનો તે આંધળો, માણસ ઉપયોગ કરી શકતો નથી. એને માટે તો ગાડું હોવા છતાં પણ નકામું છે. તેમ કેવળ પ્રત્યક્ષ પ્રમાણને જ માનનાર અનુમાન આદિ

પ્રમાણને નહિ માનનારા પણ બંધ બરાબર છે.

**એમ અનેક વાદિ-મત-વિભ્રમ**
**સંકટ પડિયો ન લહે;**
**ચિત્ત-સમાધિ તે માટે પૂછું,**
**તુમ વિણ તત્ત કોઈ ન કહે. શ્રી મુનિ. ૭**

**અર્થ** : એ પ્રમાણે અનેક વાદીઓના જુદા-જુદા મતોથી ઊભી થએલી મતિભ્રમણારૂપી જાળના કષ્ટમાં ફસાએલો સાધક, મનમાં કશુંયે સમાધાન પામી શકતો નથી એટલે હે જિનેશ્વરદેવ ! આપને પૂછવું પડ્યું છે, કારણ કે આપના સિવાય અન્ય કોઈ તત્વનું યથાર્થ સ્વરૂપ પ્રકાશી નથી શકતો.

**વળતું જગગુરૂ એણી પરે ભાખે,**
**પક્ષપાત સબ છંડી;**
**રાગ-દ્વેષ-મોહ પખ વર્જિત,**
**આતમ શું રઢ મંડી. શ્રી મુનિ. ૮**

અર્થ : શ્રી આનંદઘનજી મ.ની હૃદય વ્યથા સાંભળીને જગગુરૂ શ્રી જિનરાજ બોલ્યા કે, બધો યે પક્ષપાત છોડી દઈ, રાગ-દ્વેષ અને મોહ આદિ પક્ષથી રહિત આત્મા સાથે એકતાન બને.

**આતમ-ધ્યાન કરે જે કોઉ,**
**સો ફિર ઈણમેં નાવે;**
**વાગ્જાળ બીજું સહુ જાણે,**
**એહ તત્વ ચિત્ત ચાવે. શ્રી મુનિ. ૯**

અર્થ : શ્રી જિનેશ્વરદેવ જણાવે છે કે, જે કોઈ મોક્ષાર્થી જીવ આત્માનું ધ્યાન કરે છે, તે આ સંસારમાં અથવા આત્મા વિષે ભિન્ન-ભિન્ન મતોના ચક્કરમાં પડતો નથી. પણ એને વાણીનો કેવળ વિલાસ સમજીને એક આત્માને જ ચિત્ત વડે સતતપણે ચિંતવતો રહે છે.

જેણે વિવેક ધરી એ પખ ગ્રહિયો,
તે તત્વજ્ઞાની કહિયે,
શ્રી મુનિસુવ્રત કૃપા કરો તો,
આનંદઘન-પદ લહિયે. શ્રી મુનિ. ૧૦

**અર્થ** : આ રીતે સત્ય અને અસત્યનો, સ્વ અને પરનો વિવેક જે પુરુષ, આ આત્મજ્ઞાનનો પક્ષકાર બને છે, તે જ સાચો તત્વજ્ઞાની છે.

તો હે મુનિસુવ્રત સ્વામી ! આપની કૃપાના પ્રભાવે એવો તત્વ-જ્ઞાની થઈને આનંદઘન પદરૂપ મોક્ષ પામવાના માર કોડ પૂરા કરજો!

## ૨૧. શ્રી નમિનાથ જિન સ્તવન

ષડ્-દરિસણ જિન-અંગ ભણીજે,
ન્યાસ ષડંગ જો સાધે રે;
નમિ જિનવરના ચરણ ઉપાસક,
ષડ્ દરિસણ આરાધે રે. ષડ્. ૧ ૧

**અર્થ** : શ્રી જિનેશ્વરદેવના છ અંગોમાં છએ દર્શનોની સ્થાપના કરીને જેઓ શ્રી નમિનાથ જિનેશ્વરદેવના ઉપાસક બને છે, તેઓ દર્શનોના ઉપાસક પણ બની જાય છે.

શ્રી જિનેશ્વરદેવનાં છ અંગો તે-બે પગ, બે હાથ, એક પેટ અને એક માથું.

**જિન-સુર પાદપ પાય વખાણું,**
**સાંખ્ય, જોગ દોય ભેદે રે;**
**આતમ સત્તા વિવરણ કરતાં,**
**લહો દુગ અંગ અખેદે રે. ષડ્. ૨ ૨**

**અર્થ** : આત્માની વિદ્યમાનતા અને સ્વરૂપનું વિવરણ કરનારા સાંખ્યદર્શન અને યોગદર્શન એ બે દર્શનોને શ્રી જિનેશ્વરદેવરૂપી કલ્પવૃક્ષના બે પગ સમજીને વખાણો તથા કોઈ પણ જાતના ખેદ વગર જાણી લ્યો.

ભેદ-અભેદ સુગત મીમાંસક,
જિનવર કર દોય ભારી રે;
લોકાલોક અવલંબન ભજીએ,
ગુરૂગમથી અવધારી રે. ષડ્. ૩

**અર્થ :** ભેદવાદી બૌદ્ધ અને અભેદવાદી મીમાંસક ઉત્તર મીમાંસક વેદાંત-એ બેનામત ગુરૂગમથી સમજશો તો લોક અને અલોકના આધારભૂત હોવાથી તે બંને દર્શનો શ્રી જિનેશ્વરદેવના મજબૂત બે હાથ સમજાશે. માટે તેને પણ તે રીતે સમજીને સ્વીકારવા જોઈએ.

લોકાયતિક કુખ જિનવરની,
અંશ વિચારી જો કીજે રે;
તત્વ-વિચાર સુધારસ-ધારા,
ગુરૂ-ગમ વિણ કિમ પીજે રે. ષડ્. ૪

**અર્થ :** પ્રમાણના અંશરૂપ નયથી વિચારીને જો ઘટાવીશું, તો ચાર્વાક દર્શન, શ્રી જિનેશ્વરદેવના એક અંશ રૂપ જણાશે. પરંતુ ગુરુ મહારાજના

માર્ગદર્શન વિના તત્વ વિચારરૂપી અમૃતના રસની ધારા કઈ રીતે પી શકાય ? અર્થાત્ ગુરૂગમ વિના આ વાત સમજી શકાય તેમ નથી.

**જૈન-જિનેશ્વર-વર ઉત્તમ અંગ,**
**અંતરંગ બહિરંગે રે;**
**અક્ષર-ન્યાસ-ધરા આરાધક,**
**આરાધે ધરી સંગે રે. ષડ્. ૫**

**અર્થ :** પ્રસિદ્ધ જૈનદર્શન તે શ્રી જિનેશ્વર પ્રભુનું બહારથી અને અંદરથી ઉત્તમાંગ છે, એટલે કે બહારથી મસ્તક છે અને અંદરથી ઉત્તમ અંગ છે.

એ દર્શનનો સંગ કરીને આરાધક એવા શરીરના જુદાં-જુદાં અંગો ઉપર અક્ષરની સ્થાપના કરીને મહાધ્યાનની સાધના કરી શકે છે.

**જિનવરમાં સઘળાં દર્શન છે,**
**દર્શને જિનવર ભજના રે;**
**સાગરમાં સઘળી તટિની સહી,**
**તટિનીમાં સાગર ભજના રે. ષડ્. ૬**

**અર્થ** : જેમ સમુદ્રમાં બધી નદીઓ સમાઈ જાય છે, પરંતુ નદીમાં સમુદ્ર હોય કે ન પણ હોય, તેમ સર્વોત્તમ શ્રી જિનેશ્વરદેવમાં સઘળાં દર્શનો સમાય છે.

**જિન સ્વરૂપ થઈ જિન આરાધે,**
**તે સહી જિનવર હોવે રે;**
**ભૃંગી ઈલિકાને ચટકાવે,**
**તે ભૃંગી જગ જોવે રે. ષડ. ૭**

**અર્થ** : જેમ ઈયળને ભમરી ચટકો મારે છે ને તેના ધ્યાનથી જેમ ઈયળની ભમરી થઈ જતી જગતના લોકો જુએ છે-જાણે છે, તેમ શ્રી જિનેશ્વરદેવની આરાધના જે કરે છે, તે ચોક્કસ જિનેશ્વર બને છે.

**ચૂર્ણિ, ભાષ્ય, સૂત્ર નિર્યુક્તિ,**
**વૃત્તિ પરંપર અનુભવ રે;**
**સમય પુરુષનાં અંગ કહ્યાં એ,**
**જે છેદે તે દુર્ભવ રે. ષડ. ૮**

**અર્થ** : સૂત્ર, ભાષ્ય, નિર્યુક્તિ, ચૂર્ણિ, વૃત્તિ અને પરંપરાનો અનુભવ એ છ, શાસ્ત્રરૂપીપુરુષના છ અંગ કહ્યાં છે. તેને જે છેદે, અર્થાત્ તેનો નાશ કરે, તે જીવ દુરભવ્ય હોવો જોઈએ.

**મુદ્રા, બીજ ધારણા અક્ષર,**
**ન્યાસ અર્થ વિનિયોગે રે;**
**જે ધ્યાવે તે નવિ વંચીજે,**
**ક્રિયા-અવંચક ભોગે રે. ષડ. ૯**

અર્થ : જે ધ્યાતા મુદ્રાએ કરીને, મંત્રના બીજાક્ષરે કરીને, ધારણાએ કરીને, અક્ષરે કરીને ન્યાસે કરીને અને વિનિયોગે કરીને, શ્રી જિનેશ્વરદેવનું ધ્યાન કરે તે સંસારવર્ધક કષાયાદિથી ઠગાય નહિ અને ક્રિયા અવંચક યોગનો ભોકતા થાય.

**શ્રુત અનુસાર વિચારી બોલું,**
**સુગુરુ તથાવિધ ન મિલે રે;**
**કિરિયા કરી નવિ સાધી શકીએ,**
**એ વિષવાદ ચિત્ત સઘળે રે. ષડ. ૧૦**

અર્થ : શ્રી આનંદઘનજી મહારાજ કહે છે કે, આ બધી વાતો હું શ્રુત-આગમશાસ્ત્રને અનુસારે મળેલી સમજણ પ્રમાણે બોલું છું. પરંતુ તેવા પ્રકારના સદ્‌ગુરૂનો સુયોગ નહિ થવાથી તથા પ્રકારની સાધના હું સાધી શકયો નથી તેનો મારા સમગ્ર ચિત્તમાં ભારોભાર ખેદ છે.

**તે માટે ઉભા કર જોડી,**
**જિનવર આગળ કહિયે રે;**
**સમય-ચરણ-સેવા સુદ્ધ દેજો,**
**જિમ આનંદઘન લહિયે રે. ષડ. ૧૧**

અર્થ : છેવટે આજે તો નિરૂપાયે, પૂર્વના પુણ્યથી મળેલા નામ-સ્થાપના અને દ્રવ્યરૂપ શ્રી જિનેશ્વર-

પ્રભુ પાસે ઉભા રહી. હાથ જોડી એટલું જ કહું છું કે, હે પરમાત્મા ! આનંદઘનરૂપ મોક્ષ પ્રાપ્ત થાય તે રીતે શાસ્ત્ર-પુરુષના ચરણની શુદ્ધ સેવા કરવાની તક આપજો.

## ૨૨. શ્રી નેમિનાથ જિન સ્તવન

**અષ્ટ-ભવાંતર વાલહી રે,**
**તું મુજ આતમરામ મનરા વ્હાલા;**
**મુગતિ-સ્ત્રીશું આપણે રે,**
**સગપણ કોઈ ન કામ. મનરા. ૧.**

**અર્થ** : હે મારા મનના વહાલા ! છેલ્લા આઠ ભવથી તો હું તમને ખૂબ-ખૂબ વહાલી છું અને તમે પણ મારા આત્મામાં રમી રહેલા વહાલામાં વહાલા છો.

તો મુક્તિરુપી સ્ત્રીની સાથે સગપણ રાખવાનું શું શું કામ છે ? માટે તેની સાથે સગપણ જોડો માં તેને દૂર રાખો, મારી સાથે જ સગપણ રાખો.

**ઘર આવો હો વાલિમ ! ઘર આવો,**
**મારી આશાના વિશરામ ! મનરા વહાલા;**
**રથ ફેરો હો સાજન ! રથ ફેરો,**
**સાજન ! મારા મનરા મનોરથ સાથ. મનરા. ૨**

**અર્થ** : હે વાલમ ! મારી આશાના વિસામા ! તમે ઘેર આવો, ઘેર આવો. બીજે ન જાઓ.

હે સાજન ! રથ પાછો વાળો. મારા મનના મનોરથ તરફ પાછો વાળો.

**નારી પખો શ્યો નેહલો રે,**
**સાચ કહે જગનાથ, મનરા વ્હાલા;**
**ઈશ્વર અરધાંગે ધરી રે,**
**તું મુજ ઝાલે ન હાથ. મનરા. ૩**

**અર્થ** : હે જગન્નાથ ! સાચું કહે; શું તારા દિલમાં એમ જ છે ને કે માત્ર સ્ત્રીના એકતરફી પ્રેમની શી કિંમત ?

પરંતુ વહાલા ! તને માલમ છે કે નહિં ? ઈશ્વરે મહાદેવે તો સ્ત્રીને અર્ધા શરીરે ધારણ કરી છે. અને તેથી અર્ધ નારીશ્વર તરીકે પ્રસિદ્ધ થયા છે, અને તું તો મારો હાથ પણ ઝાલતો નથી.

**પશુ જનની કરૂણા કરી રે,**
**આણી હૃદય-વિચાર; મનરા વ્હાલા;**
**માણસની કરૂણા નહીં રે,**
**એ કુણ ઘર-આચાર. મનરા. ૪**

**અર્થ** : હે મનમોહન ! પશુઓ તરફ કરૂણા અને માણસ તરફ નહિ આ તે કેવો આચાર ?

**પ્રેમ-કલ્પતરુ છેદિયો રે,**
**ધરિયો જોગ-ધતુર; મનરા વ્હાલા;**
**ચતુરાઈ રો કુણ કહો રે,**
**ગુરૂ મિલિયો જગ-સૂર. મનરા. ૫**

અર્થ : વાલમ ! તમને પ્રેમ જેવું કલ્પવૃક્ષ એકદમ કાપી નાખતાં શરમ ન આવી ? અને જોગરૂપ ધતૂરો લેતાંય સંકોચ ન થયો? તમને આવી ઉંધી સલાહ આપનાર કોણ ચતુર ગુરુ આ દુનિયામાંથી એવો શૂરવીર મળી ગયો, એ તો બતાવો.

**મારૂં તો એમાં કાંઈ નહિ રે,**
**આપ વિચારો રાજ; મનરા વ્હાલા,**
**રાજસભામાં બેસતાં રે,**
**કિસડી બધસી લાજ. મનરા. ૬**

**અર્થ** : ઠીક છે, તમે મને છોડીને ચાલ્યા જાઓ છો. તેમાં મારૂં શું ગયું ? મારો પ્રેમ તો અખંડ રહેવાનો છે. પણ હે મહારાજ ! આપ રાજસભામાં બેસશો ત્યારે પત્ની વિના આપની લાજ-આબરૂ શી રીતે વધશે તેનો વિચાર કરો.

**પ્રેમ કરે જગ-જન સહુ રે,**
**નિરવહે તે ઓર, મનરા વ્હાલા;**
**પ્રીત કરીને છોડી દિયે રે;**
**તેહ શું ન ચાલે જોર, મનરા. ૭**

**અર્થ** : હે વાલમ ! જગતમાં પ્રેમ-સંબંધ તો દરેક માણસ બાંધે છે, પણ તેને ટકાવી રાખનારા વિરલ હોય છે.

પણ જેઓ પ્રીત કરીને તોડી નાખે છે તેની સામે જોર પણ શું ચાલે ?

**જો મનમાં એહવું હતું રે,**
**નિસપતિ કરત ન જાણ, મનરા વ્હાલા;**
**નિસપતિ કરીને છોડતાં રે,**
**માણસ હુવે નુકશાણ. મનરા. ૮**

**અર્થ** : હે નાથ! જો આપના મનમાં પહેલેથી જ આવું હતું, તે જો મેં પહેલેથી જ જાણી લીધું હોત તો આપની સાથે નિસ્બત-પ્રેમ કરત નહિં. પણ

કોઈની સાથે આમ નિસ્બત પ્રેમ કર્યા પછી છોડી દેવામાં આવે તો તે માણસને નુકસાન થાય.

**દેતાં દાન સંવચ્છરી રે,**
**સહુ લહે વંછિત પોષ, મનરા વ્હાલા;**
**સેવક વંછિત નવિ લહે રે,**
**તે સેવકનો દોષ ? મનરા. ૯**

**અર્થ** : હે વાલમ ! વર્ષીદાન લેવા માટે આપની પાસે આવેલા કોઈ ને ય ખાલી હાથે નહિ કાઢનારા-સહુના મનોવાંછિત પૂર્ણ કરનારા આપે એક મને જ મનોવાંછિત દાન ન આપ્યું તેમાં દોષ મારો છે કે આપ દાતારનો છે, તે કહો.

**સખી કહે, એ શામળો રે,**
**હું કહું, લક્ષણ-સેત મનરા વ્હાલા;**
**ઈણ લંક્ષણ સાચી સખી રે,**
**આપ વિચારો હેત. મનરા. ૧૦**

**અર્થ** : હે મારા વહાલા ! આપ જાન જોડીને પરણવા પધાર્યા ત્યારે મારી સખી મને કહેવા લાગી હતી કે, તારો વર તો શામળો છે. માટે સુલક્ષણો નથી.

ત્યારે મેં કહ્યું હતું કે, શામળો છે, માટે જ સુલક્ષણો છે. પરંતુ પરણવા આવીને અધવચ ભાગી જવાના તમારા વર્તનથી તો મારી સખીની વાત જ સાચી ઠરે છે. તે આપ પોતે જ હેતુપૂર્વક વિચારો.

**રાગી-શું રાગી સહું રે,**
**વૈરાગી શ્યો રાગ ? મનરા વ્હાલા;**
**રાગ વિના કિમ દાખવો રે,**
**મુગતિ-સુંદરી માગ. મનરા. ૧૧**

**અર્થ** : રાગી, રાગી સાથે રાગ-સંબંધ રાખે તે તો બરાબર સમજાય તેવી વાત છે. પણ જે વૈરાગી હોય તેની સાથે પ્રેમ કેમ થઈ શકે ? પણ વગર

પ્રેમ આપ પોતે જ મુક્તિસુંદરી પાસે જવાનો માર્ગ બતાવી તેનો તરફનો રાગ ધરતા કેમ જણોઓ છો ?

**એક ગુહ્ય ઘટતું નથી રે,**
**સઘળો યે જાણે લોક, મનરા વ્હાલા;**
**અનેકાંતિક ભોગવો રે,**
**બ્રહ્મચારી ગત રોગ. મનરા. ૧૨**

**અર્થ** : હે વહાલા ! એક ખાનગી વાત આપને શોધતી છાજતી નથી. આપને મન, તે ભલે ખાનગી હોય, પણ જગતના બધા લોકો તે જાણે છે. આપ મોટા બ્રહ્મચારી છો. આપના રૂંવાડામાંય રાગ નથી અને તેમ છતાં અને કાંતસુંદરી સાથે ભોગ ભોગવી રહ્યા છો. આવું છાનું કામ આપને છાજતું નથી.

જિણ જોર્ણે તુમને જોઉં રે,
તિણ જોર્ણે જુવો રોજ; મનરા વ્હાલા;
એકવાર મુજને જુવો રે,
તો સિજઝે મુજ કાજ. મનરા. ૧૩

**અર્થ** : હે મહારાજ ! હું જે દષ્ટિથી આપને જોઈ રહી છું, બરાબર તે જ દષ્ટિથી આપ મને જુઓ. બસ એક જ વાર એ દષ્ટિથી જુઓ તો મારાં સઘળાં કામ સિદ્ધ થઈ જાય.

મોહ દશા ધરી ભાવના રે,
ચિત્ત લહે તત્વ વિચાર; મનરા વ્હાલા;
વીતરાગતા આદરી રે,
પ્રાણનાથ નિરધાર. મતરા. ૧૪

**અર્થ** : હે નાથ ! અત્યાર સુધી તો મોહદશા ધારણ કરીને હું વિચારણા કરતી હતી. પરંતુ હવે મારૂં મન ખરી વસ્તુસ્થિતિ જાણી છે કે આપે પાકે પાયે વીતરાગતા ધારણ કરી લીધી છે.

સેવક પણ તે આદરે રે,
તો રહે સેવક મામ મનરા. વ્હાલા;
આશય સાથે ચાલિયે રે,
એહિજ રૂડું કામ. મનરા. ૧૫

**અર્થ** : રાજીમતી કહે છે કે હે પ્રભુ ! સેવક તરીકે મારી ફરજ છે કે મારે પણ તે વીતરાગતા આરાધવી, તો જ સેવક તરીકેની મારી મર્યાદા જળવાય. હવે તો આપના આશયને અનુરૂપ વર્તન એજ મારૂં કર્તવ્ય બની રહે છે.

ત્રિવિધ જોગ ધરી આદર્યો રે,
નેમનાથ ભરતાર; મનરા વ્હાલા;
ધારણ-પોષણ-તારણો રે,
નવસર મુગતાહાર મનરા; ૧૬

**અર્થ** : (સાચી સમજના ઘરમાં આવીને રાજીમતીજી બોલ્યાં) મન-વચન-કાયાના યોગથી મેં શ્રી નેમનાથ પ્રભુને સ્વામી તરીકે સ્વીકારી લીધા છે. તેમને જ આશ્રયદાતા, પાલનહાર, તારણહાર

અને નવસરો મોતીનો હાર માની લીધા છે.

**કારણરૂપી પ્રભુ ભજ્યો રે,**
**ગણ્યો ન કાજ અકાજ; મનરા વ્હાલા;**
**કૃપા કરી મુજ દીજીએ રે,**
**આનંદઘન-પદ-રાજ. મનરા. ૧૬**

**અર્થ :** મોહને ભગાડીને મારા આત્માને જગાડનારા હે પ્રભુ ! એક આપને ભજવા એ જ કામ મેં આદર્યું છે. કોઈ તેને સારૂં કહે કે ખોટું, તેની ચિંતા હવે મને નથી.

માટે કૃપા કરીને મને મોક્ષપદ આપશો.

## ૨૩. શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન

**ધ્રુવપદરામી ! હો સ્વામી માહરા,**
**નિ:કામી ! ગુણરાય ! સુજ્ઞાની !**
**નિજગુણકામી ! હો પામી તું ધણી,**
**ધ્રુવ આરામી હો થાય, સુજ્ઞાની. ૧**

**અર્થ** : મોક્ષરૂપી ધ્રુવ-નિશ્ચલ-શાશ્વત સ્થાનમાં રમણ કરનારા હે મારા સ્વામિ શ્રી પાર્શ્વનાથ પ્રભુ ! આપ સર્વથા નિષ્કામી અને અનંત ગુણોના સમ્રાટ છો. તેથી જે આત્માની ઈચ્છા પોતાના આત્માના સઘળાયે ગુણોમાં રમણતા કરવાની થાય, તે જો આપની પાસે આવે, આપને મળે, તો તે પણ શાશ્વત પદમાં રમણતા કરનાર થાય છે.

**સર્વવ્યાપી કહે સર્વ જાણગપણે,**
**પર-પરિણમન સ્વરૂપ, સુજ્ઞાની !**
**પર રૂપે કરી તત્વપણું નહિ,**
**સ્વ-સત્તા ચિદ્દરૂપ, સુજ્ઞાની ! ૨**

**અર્થ** : હે પ્રભુ ! આપ સર્વ વાતના જાણકાર છો, તેથી કેટલાક આપને સર્વવ્યાપી કહે છે. પણ પર-વસ્તુમાં પરિણામને પામવાની શકિતને જોઈએ તો તે દષ્ટિએ સર્વવ્યાપીપણું લાગતું નથી તેમજ ઘટતું પણ નથી. પોતાની આત્મિક સત્તા તો જ્ઞાનરૂપ છે. સર્વ જાણપણાથી સર્વવ્યાપિત્વ આત્મિક સત્તાએ ઘટતું નથી.

જ્ઞેય અનેકે હો જ્ઞાન-અનેકતા,
જલ-ભાજન-રવિ જેમ; સુજ્ઞાની !
દ્રવ્ય-એકત્વપણે ગુણ એકતા,
નિજપદ રમતા હો ખેમ., સુજ્ઞાની. ૩

**અર્થ** : જેમ સૂર્ય એક હોવા છતાં પાણીના ભરેલા જુદા-જુદા વાસણોમાં- જુદા જુદા પ્રતિબિંબ રૂપે દેખાય છે, તેથી સૂર્ય ઘણા હોવાનો ભાસ થાય છે, પણ વાસ્તવમાં સૂર્ય તો એકજ હોય છે, તે જ પ્રમાણે જ્ઞેય વસ્તુઓ અનેક છે અને તેથી પર્યાયની અપેક્ષાએ જ્ઞાન અનંત છે. પરંતુ પર્યાયાંત રગત વ્યક્તિત્વ દરેક વસ્તુમાં જરૂર હોય છે.

પર ક્ષેત્રે ગત જ્ઞેયને જાણવે,
પર ક્ષેત્રે થયું જ્ઞાન, સુજ્ઞાની !
અસ્તિપણું નિજ-ક્ષેત્રે તુમે કહ્યો,
નિર્મળતા ગુણમાન ? સુજ્ઞાની. ૪

**અર્થ** : બીજા ક્ષેત્રોમાં રહેલા જ્ઞેયોને જાણવાથી જ્ઞાન પણ બીજાના ક્ષેત્રનું થયું. જ્યારે આપ તો ફરમાવો છો કે પોતાના ક્ષેત્રમાં અસ્તિપણું છે,

એજ પોતાના ક્ષેત્રની સ્વતંત્રતારૂપ છે, આતો વિસંવાદી વાત થઈ.

**જ્ઞેય વિનાશે હો જ્ઞાન વિનશ્વરુ,**
**કાળ પ્રમાણે રે થાય, સુજ્ઞાની !**
**સ્વ-કાળે કરી સ્વ-સત્તા સદા,**
**તે પર રીતે ન જાય. સુજ્ઞાનિ ૫**

**અર્થ** : સમયે-સમયે ફરતા કાળની માફક જ્ઞેય પદાર્થ પણ ફરે, ને તેથી તેના નાશ તથા ઉત્પત્તિ થતા રહે. તેથી જ્ઞાન પણ નાશવંત ઠરે છે. પરંતુ પદાર્થની સ્વ-સત્તા પોતાના જ કાળની અપેક્ષાએ હંમેશાં હોય છે. પોતાના કાળે કરી સ્વસત્તા કદી પરાનુયાયી ન જ થાય.

પર-ભાવે કરી પરતા પામતાં,
સ્વ-સત્તા થિર-ઠાણ, સુજ્ઞાની !
આત્મ-ચતુષ્કમયી પરમાં નહિ,
તો કિમ સહુનો રે જાણ ? સુજ્ઞાની ! ૬

**અર્થ :** પર પદાર્થોના પર્યાયો, તેનું જ્ઞાન જ્યારે આત્મા કરે છે, ત્યારે તે જ્ઞાન તે પર્યાયોમય થાય છે. ને તેમ થવાથી પરપણું પામી જવાય એ સ્વાભાવિક છે અને પોતાના સ્વભાવમાં જ સ્થિર રહેવું તેનું નામ સ્વસત્તા છે. પર પર્યાયપણું પામવામાં પદાર્થની સ્વ-સત્તા રહેતી નથી.

આ રીતે આત્માના પોતાના જ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ બીજા પદાર્થમાં સંભવી શકતા નથી. અથવા તો અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્યરૂપ આત્મ-ચતુષ્ક પરમાં ન પમાય.

તો પછી આત્મા, અન્ય સર્વ પદાર્થોનો જાણકાર કેમ સંભવી શકે ?

**અગુરુલઘુ નિજ ગુણને દેખતાં,**
**દ્રવ્ય સકલ દેખંત; સુજ્ઞાની !**
**સાધારણ ગુણની સાધર્મ્યતા,**
**દર્પણ-જલ દૃષ્ટાંત, સુજ્ઞાની ! ૭**

**અર્થ** : જેમ દર્પણમાં અને પાણીમાં પ્રતિબિંબ છાયા ઝીલવાની યોગ્યતારૂપ સમાનતા છે, તે પ્રમાણે ષડ્‌ગુણહાનિરુપ તથા ષડ્‌ગુણવૃદ્ધિરૂપ પોતાના અગુરુલઘુપર્યાય ગુણને જેમ આત્મા પોતાના સંપૂર્ણ જાણી શકે છે, તે પ્રમાણે એ સામાન્ય ગુણ, દરેક દ્રવ્યોમાં એકસરખો હોવાથી આત્મા બીજા સર્વ પદાર્થોને પણ જાણી શકે છે.

**શ્રી પારસ જિન પારસ રસ સમો,**
**પણ ઈહાં પારસ નાહિ, સુજ્ઞાની !**
**પૂરણ-રસિયો હો ! નિજ-ગુણ-પરસન્નો,**
**આનંદઘન મુજ માંહી, સુજ્ઞાની. ૮**

**અર્થ** : જેમ પારસમણિ પોતાના સ્પર્શથી લોઢાનું

સોનું કરી નાખે છે, તેમ શ્રી પાર્શ્વનાથ પ્રભુ પણ તેના જેવા હોવાથી તેમના સંબંધમાં આવનારા બીજા જીવોને પણ પોતાના જેવા બનાવી દે છે.

છતાં પારસનાથ પ્રભુ પારસમણિ નથી, કારણ કે પારસમણિ તો જડ-પત્થર છે, જ્યારે શ્રી પાર્શ્વનાથ પ્રભુ પોતાના ગુણોમાં સંપૂર્ણ રીતે ઓતપ્રોત છે. ગુણ અને ગુણી વચ્ચેના ભેદને દૂર કરનારા સહજાનંદથી ભરપૂર છે, આનંદના ઘનરૂપ છે.

## ૨૪. શ્રી મહાવીર જિન સ્તવન

વીર જિનેશ્વર ચરણે લાગું,
વીરપણું તે માગું રે;
મિથ્યા મોહ-તિમિર ભય ભાગ્યું,
જિત નગારૂં વાગ્યું રે. વીર.. ૧

**અર્થ** : શ્રી મહાવીર પરમાત્માના ચરણકમળમાં

ઝૂકીને તેમણે બતાવેલી ભાવ-શૂરવીરતા હું તેમની પાસે માગું છું.

જેથી કરીને મિથ્યાત્વ, કષાયો, અજ્ઞાન વગેરે મહાભયો નાશી જાય અને આત્માનો વિજય ડંકો વાગી જાય.

**છઉમત્થ-વીર્ય લેશ્યા સંગે,**
**અભિસંધિજ મતિઅંગે રે;**
**સૂક્ષ્મ-સ્થૂલ ક્રિયાને રંગે,**
**યોગી થયો ઉમંગે રે. વીર. ૨**

**અર્થ :** લેશ્યા યુકત છદ્મસ્થ જીવની સમજણપૂર્વક કરવામાં આવતી-ઈરાદાપૂર્વક કાયાદિકના યોગથી થતી-આત્માની સ્થૂલ અને સૂક્ષ્મ પ્રવૃત્તિઓ તેને રંગે ચઢીને આત્મા ઉમંગે કરીને આનંદપૂર્વક યોગી એટલે કે મન-વચન-કાયાના યોગોવાળો થાય છે તે અભિસંધિજ યોગ કહેવાય છે.

**અસંખ્ય પ્રદેશે વીર્ય અસંખ્યે,**
**યોગી અસંખિત કંખે રે;**
**પુદ્ગલગણ તેણે લે સુવિશેષે,**
**યથા-શકિત-મતિ લેખે રે. વીર. ૩**

**અર્થ** : કોઈ પણ આત્માને અસંખ્ય આત્મપ્રદેશો હોય છે. એ દરેક આત્મ-પ્રદેશમાં અસંખ્ય આત્મિક વીર્યના અસંખ્ય-અસંખ્ય અંશોનું યોગ સ્થાનક હોય છે.

એવા યોગ સ્થાનકો શાસ્ત્રમાં અસંખ્ય બતાવેલ છે.

જીવના પ્રયત્ન અને અધ્યવસાય સ્થાનક પ્રમાણે તે તે યોગ-સ્થાનક વડે જીવ વધારે-વધારે કાર્મણ વર્ગણારૂપ પુદ્ગલોના જથ્થા પોતાના આત્મામાં ખેંચે છે. આ યોગ સ્થાનકો જીવને કર્મબંધ કરાવે છે.

આમ ઉલટો યોગ, આત્માને પુદ્ગલોથી ભરી દે છે.

**ઉત્કૃષ્ટે વીર્ય નિવેશે,**
**યોગ-ક્રિયા નવિ પેસે રે;**
**યોગતણી ધ્રુવતાને લેશે,**
**આતમ શક્તિ ન ખેસે રે. વીર. ૪**

**અર્થ** : જ્યારે ઉત્કૃષ્ટ આત્મવીર્ય ખીલી ઉઠે છે, ત્યારે મન-વચન-કાયાના યોગોની પ્રવૃત્તિ તેમાં પ્રવેશ પામી શકતી નથી.

મન-વચન-કાયાના યોગો જેમ જેમ સ્થિર થતા જાય છે, તેમ તેમ આત્માની શક્તિ જરા પણ ખસતી નથી. એટલે વધુને વધું સ્થિર થતી જાય છે.

**કામ-વીર્યવશે જિમ ભોગી,**
**તિમ આતમ થયો ભોગી રે;**
**શૂરપણે આતમ ઉપયોગી,**
**થાય તેહ અયોગી રે. વીર. ૫**

**અર્થ** : કામભોગોમાં ઉપયોગી સાંસારિક સુખ

ભોગવવામાં ઉપયોગી થતા શારીરિક વીર્યને લીધે જેમ આત્મા ભોગી એટલે કે કામના ભોગો ઈન્દ્રિયોના વિષયો સેવનારો થાય છે, તે પ્રમાણે વીર્યને લીધે ત્રણ યોગરૂપ વીર્યને લીધે આત્મા ભોગી થાય છે.

પરંતુ જો આત્મા શૂરવીરતા દાખવીને, આત્મામાંજ ઉપયોગવંત થાય તો તેજ આત્મા અયોગી એટલે કે મન વચન કાયાના યોગોથી રહિત બની જાય છે.

**વીપરણું તે આતમઠાણે,**
**જાણ્યું તુમથી વાણ્યે રે;**
**ધ્યાન-વિન્નાણે શક્તિ પ્રમાણે,**
**નિજ ધ્રુવ-પદ પહિચાણે રે. વીર. ૬**

**અર્થ** : વીરપણાનું પ્રયોજક-વીર્યનું મૂળ સ્થાન તો આત્મા જ છે.

આ વાત આપની વાણીથી જાણવા મળી છે. શાસ્ત્રીય વિજ્ઞાનનો આધાર લઈ ને પોતાની

શક્તિ પ્રમાણે આત્મા જેમ-જેમ ધ્યાનમાં આગળ વધે છે તેમ તેમ પોતાના આત્મામાં કેટલી ધ્રુવતા વીર્ય સામર્થ્ય પ્રાપ્ત થએલ છે તે જાણી શકે છે.

**આલંબન સાધન જે ત્યાગે,**
**પર-પરિણતિને ભાગે રે;**
**અક્ષય-દર્શન-જ્ઞાન-વૈરાગ્યે,**
**આનંદઘન પ્રભુ જાગે રે. વીર. ૭**

**અર્થ** : જે આત્મા પરપરિણતિરૂપ બાહ્ય આલં. બનવાળા મન-વચન-કાયારૂપ સાધનોનો ત્યાગ કરે છે, તે આત્મા અખૂટ ક્ષાયિક અનંત દર્શન, ક્ષાયિક અનંત કેવળજ્ઞાન, ક્ષાયિક અનંત ચારિત્ર વડે આનંદના ઘનરુપ સિદ્ધ પરમાત્મારુપે અનંત કાળ સુધી સ્વ-સ્વભાવમાં જ રમણતા કરતા રહે છે.

કર્માદિક પુદ્‌ગલોના સંબંધરૂપ પર-પરિણતિ યાને વૈભાવિક-ભાવ સર્વથા નિર્મૂળ થાય છે, ત્યારે આ સ્વાભાવિક સ્થિતિ સાકાર થાય છે.

# જ્ઞાનભક્તિમાં લાભ લેનાર દાતાઓ

## કતારગામ દરવાજા, સુરત

૧. શેઠ નાનાલાલ નેમચંદભાઈ

૨. વોરા વિરેન્દ્રકુમાર ગોર[illegible]ભાઈ

૩. વોરા ચંદુલાલ હેમચંદભાઈ

૪. ગઢેચા [illegible]લાલ [illegible]જીભાઈ

૫. ગઢેચા કલ્યાણજી ધનજીભાઈ

૬. મહેતા જેઠાલાલ રામજીભાઈ

૭. જયંતીલાલ મોહનલાલ વોરા ગેળાવાળા

૮. મહેતા મહાદેવભાઈ મુળજીભાઈ

૯. મહેતા ભોગીલાલ નેમચંદભાઈ

૧૦. ઝોટા જયેશભાઈ ધરમશીભાઈ

૧૧. શાતુંદા સુભાષ શીવચંદભાઈ

૧૨. મહેતા પ્રભુલાલ પરશોત્તમ

૧૩. ખંડોર સોમચંદ તેજપાળ

૧૪. મણીયાર બાબુલાલ ઠાકરશીભાઈ

## ફટાકડા ફોડવાથી અષ્ટ કર્મબંધ

કાગળ બળે તથા
પગ નીચે આવે તેથી – જ્ઞાનાવરણીય કર્મ

જીવોની હિંસા,
અંગોપાંગ છેદાય તેથી – દર્શનાવરણીય કર્મ

જીવોને ભય લાગે,
વેદના થાય તેથી – વેદનીય કર્મ

ફટાકડા ફૂટવાથી આનંદ થાય,
ઉત્સાહ વધે તેથી – મોહનીય કર્મ

ફટાકડા ફોડવાના અંત
સમયે આયુષ્ય બંધાવાથી – અશુભ–આયુષ્ય કર્મ

બળીને મૃત્યુ પામવાથી – નામ કર્મ

ફટાકડા ફોડવામાં પ્રોત્સાહન
દેવાથી નિમિત્તરૂપ થવાથી – ગોત્ર કર્મ

નિદ્રામાં, અભ્યાસમાં, શાંતિમાં
બીજાને વિઘ્ન થવાથી – અંતરાય કર્મ